# જિનપૂજામાં ઉપયોગ

:- લેખક સંપાદક -:
સિંહ ગર્જના ના સ્વામી સ્વ. પ. પૂ. આ. દે.
શ્રીમદ્ વિજયમુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય રત્ન
**પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા.**

મૂલ્ય : સદુપયોગ

# ચુંટેલ ફુલ ગુંથણી

આત્માની સાચી સંપત્તિ માટીના કુકા, સ્વાર્થનીષ્ઠ કુટુંબ પરિવાર અને વિનશ્વર કીર્તિ નહિ....પણ ત્યાગ, વૈરાગ્ય, અહિંસા, સંયમ, તપ અને ક્ષમાદિ ધર્મ તથા દેવ–ગુરુ–ધર્મની ભક્તિ છે, આ સાચી સંપત્તિ, આત્મધન આત્માને અધમ કક્ષામાંથી ઉચ્ચ કક્ષાયે મૂકે છે.

મોક્ષ કર્મક્ષયથી જ થાય, કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય ને આત્મજ્ઞાન ધ્યાનથી થાય. માટે આત્માને હિતકર ધ્યાન છે !

સંતોષ અને તૃપ્તીમાં સુંદર, અનુપમ ભાગ્યનું નિર્માણ છે. એ જીવનની આબાદીનું ચણતર છે. સમાધીના સંસ્કારનું ઘડતર છે. એ ઘડતરમાં સુખી થવાનો આદર્શ છે, એ આદર્શમાં શીવ–સુખનું ફળ છે.

પ્રેમ અને શ્રદ્ધા તો પથ્થરમાં પણ પ્રભુતા પ્રગટાવે !

પ્રેમે પૂજાવું હોય તો ત્યાગના ટાંકણા વડે ઘડાવું રહ્યું !

માણસ કર્તવ્યથી અમર થાય, ઉત્સાહથી યુવાન રહે, પ્રાર્થનાથી પ્રફુલ્લ રહે ને પરોપકારથી ચિરંજીવ બને– એનાથી વધુ સુંદર કાંઇ નથી !

જ્યાં મૃત્યુની રમણીયતા હોય ત્યાં સત્કર્મનાં વૃક્ષો ખીલે, જ્યાં વૃદ્ધાવસ્થાની શાંતિ હોય ત્યાં માનવતા વિશે કાંઇક વિચાર થાય.

# જિનપૂજામાં ઉપયોગ

:- લેખક સંપાદક -:

સિંહ ગર્જના ના સ્વામી સ્વ. પ. પૂ. આ. દે.
શ્રીમદ્ વિજયમુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય રત્ન
**પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા.**

વિ. સં. ૨૦૪૭ વી. સં. ૨૫૧૭

પ્રથમ સંસ્કરણ :- ૧૦૦૦ નકલ.

મુલ્ય : સદુપયોગ

:- પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન -:

**આ. શ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી જૈન આરાધના ટ્રસ્ટ**

C/o. દીલીપકુમાર ચીમનલાલ શાહ

સસ્તા અનાજની દુકાન, ભૈરવનાથ રોડ,

યુ. કો. બેન્કની બાજુમાં, **અમદાવાદ-૮.**

- જિનાજ્ઞા વિરૂધ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુકકડમ્
- સુધારા-વધારા સુચવવા જિનસાશન પ્રેમીઓને નિમંત્રણ છે.
- જિનપૂજા કરનાર પુણ્યવાનોના હાથમાં આ પુસ્તિકા પહોંચાડવા વિનંતી.
- સારી રીતે જિનમંદિરે પુસ્તિકા લગાવવા વિનંતી.

**મુદ્રક** :- હરિશકુમાર જયંતિલાલ દોશી

**સરસ્વતી મુદ્રણાલય**

ભૂપેન્દ્ર રોડ-ધરમપુર ઉતારો,

**રાજકોટ-૩૬૦ ૦૦૧.**

# મંગલ ઉદ્‌ગાર

શ્રી જિનશાસનના મહાન ઉપકારનો વિચાર કરીએ છીએ ત્યારે થાય છે કે આ શાસન માટે જે કાંઈ સારુ શુભ અને શુદ્ધ થાય તે કરવા માટે જેટલો ભોગ આપી શકાય તે આપવો.

જ્ઞાની મહાપુરુષોએ આત્મકલ્યાણ માટે વિવિધ ધર્મ ક્રિયાઓ, વિધિઓ અને તેમા જાળવવા જેવી શુદ્ધિ માટે ઘણું ઘણું લખ્યું છે. તે પ્રત્યેક વિધિ–વિધાનોમાં જેમ વધુ ઊંડા ઉતરીએ છીએ ત્યારે તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા વધુને વધુ સતેજ બને છે. જેમ જેમ જિજ્ઞાસા પોતાના જિન સ્વરૂપને શોધવાના સ્વાત્મ પુરુષાર્થનો પ્રારંભ કરે છે તેમ તેમ તેનો આત્મિક-સાત્ત્વિક-તાત્ત્વિક આનંદ ચરમ સિમાએ પહોંચે છે.

શ્રી જિનશાસનમાં શ્રાવક જીવનમાં જિનપૂજાને મહત્ત્વની કરણી કહી છે. પ્રવચનમાં વારંવાર અશાતના નિવારવા સમજ હું આપતો, કેટલાંક શ્રોતાઓએ કહ્યું સાહેબ કદીય વાંચ્યું નહોય, સાંભળ્યું ન હોય, સાંભળવા ન મળે તેવી જોરદાર દલિલો અને સમજ મળે છે. નાની પુસ્તિકારૂપે આપ પ્રગટ કરો તો અમારી ભૂલો સુધરે, નિત્ય જિન ભક્તિ કરતાં પુણ્યવાનોં પુસ્તિકા વાંચી જીવનમાંથી આશાતના દૂર કરવા પ્રયત્ન કરે તેમાંથી આ લઘુ પુસ્તિકાનું સર્જન થયું છે

વાંચી–વિચારી સહુ કોઇ આત્મા સુંદર જિનભકિતને કરનારા બનો. પ્રભુ શાસનના ઊંચી કોટિના આરાધક બની સ્વ અને સર્વને તારવાની શક્તિને પામો.

રાજકોટ
રૈયા રોડ,

આ. પ્રભાકર સૂરી

# પૈસા આપનાર દાતાઓની નામાવલી

| રૂા. પૈ. | |
|---|---|
| ૨૫૧–૦૦ | શ્રી ગુલાબચંદભાઈ હીરચંદભાઇ લોદરીયા |
| ૨૫૧–૦૦ | ,, અશોકભાઈ સી. શાહ |
| ૨૫૧–૦૦ | ,, ભોગીલાલ છોટાલાલ દોશી |
| ૨૫૧–૦સ | ,, દિપકકુમાર ખેલશંકર દફતરી |
| ૨૫૧–૦૦ | ,, સવિતાબેન લક્ષ્મીચંદ સંઘવી |
| ૨૫૧–૦૦ | ,, કાન્તિલાલ હીરાચંદ ગઢેચા |
| ૨૫૧–૦૦ | ,, ધીરજલાલ ટી. પરીખ |
| ૨૫૧–૦૦ | ,, બીપીનભાઇ આર. પરીખ |
| ૨૫૧–૦૦ | ,, કિશોરભાઇ એ. મણીયાર |
| ૨૫૧–૦૦ | ,, એક સદ્‌ગૃહસ્થ.... |
| ૨૫૧–૦૦ | ,, જેચંદભાઈ વિઠ્ઠલભાઇ<br>હ. નયનભાઈ શાહ |
| ૨૫૧–૦૦ | ,, કલ્યાણજીભાઇ વી. પારેખ પરિવાર. |
| ૨૫૧–૦૦ | ,, કિશોરભાઇ પી. કોરડીયા |
| ૨૫૧–૦૦ | ,, કેશવલાલ પીતાંબરદાસ શાહ<br>હ. નવીનભાઈ ચોટીલાવાળા |
| ૨૫૧–૦૦ | ,, શાહ જેશીંગભાઈ કાળીદાસભાઈ<br>ઉનાવાવાળા હ. શાહ બ્રધર્સ |

# શ્રી રત્નાકર પચ્ચીશી

મંદિર છો મુકિતતણા, માંગલ્યક્રીડાના પ્રભુ
ને ઇંદ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ,
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું, ઘણું જીવતું, ભંડાર જ્ઞાન કળા તણાં. ૧
ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરૂણાતણા,
વળી વૈદ્ય હે દુર્વાર, આ સંસારનાં દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી આ. હૃદય હું ખાલી કરૂં. ૨
શું બાળકો મા-બાપ પાસે, બાળક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩
મેં દાન તો દીધું નહિ, શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ,
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઇ પણ પ્રભુ નવ કર્યું,
મારૂં ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪
હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું, કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં મોહન, મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫
મેં પરભવે કે આ ભવે, પણ હિત કાંઇ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ, અલ્પ પણ પામ્યો નહિ,
જન્મો અમારા જિનજી ! ભવ, પૂર્ણ કરવાને થયાં,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે! શું કરૂં હું તો વિભુ,
પથ્થર થકી પણ કઠણ મારૂં, મન ખરે કયાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે. ૭
ભમતા મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના.
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણાં,
તે પણ ગયા પરમાદના વશથી, પ્રભુ કહુ છું ખરૂં,
કોની કને કિરતાર આ, પોકાર હું જઇને કરૂં ? ૮
ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા,
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી રહું. ૯
મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યાં, પરનારીમાં લપટાઇને,
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારૂં પરતણું,
હે નાથ ! મારૂં શું થશે, ચાલાક થઈ ચૂકયો ઘણું. ૧૦
કરે કાળજાને કતલ, પીડા કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ, હું વિડંબના પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યું આજ, લાવી લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧
નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાકયો વડે, હણી આગમોની વાણીને,
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યા,
મતિભ્રમથકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨

આવેલ દષ્ટિમાર્ગમાં મૂકી, મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા, મદનના ચાપને,
નેત્રબાણો ને પયોધર, નાભિ ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ. ૧૩
મૃગનયણી સમ નારી તણાં, મુખચંદ્ર નીરખવા વતી,
મુજમન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગુઢો અતિ,
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા, છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી. ૧૪
સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણતણો નથી,
ઉત્તમ વિલાસ કલાતણો, દેદિપ્યમાન પ્રભા નથી,
પ્રભુતા નથી તો પણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરૂં,
ચોપાટ ચાર ગતિતણી, સંસારમત ખેલ્યા કરૂં. ૧૫
આયુષ્ય ઘટતું જાય તો પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે,
ઔષધ વિષે કરૂં યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા, વિનાના ઘર ચણું. ૧૬
આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો અરે પણ,
દીવો લઈ કુવે પડયો, ધિક્કાર છે મુજને ખરે, ૧૭
મેં ચિત્તથી નહિ દેવની કે, પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ, પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભ છતાં, રણમાં રડયા જેવું થયું,
ધોબી તણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું ૧૮
હું કામધનુ કલ્પતરૂ, ચિંતામણીના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું બની, લુબ્ધ આ સંસારમાં,

જે પ્રગટ સુખ દેનાર ત્હારો, ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મુર્ખ ભાવોને નિહાળી, નાથ કર કરૂણા કંઈ. ૧૯
મેં ભોગ સારા ચિંતવ્યાં તે, રોગ સમ ચિંયા નહિ,
આગમન ઇચ્છયું ધનતણું, પણ મૃત્યુને પ્રીચ્છયું નહિ,
નહિ ચિંતવ્યું મેં નરક, કારાગાર સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં, ભય માત્ર હું ભુલી ગયો. ૨૦
હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર, આદિ કોઈ કાર્યો નવ કર્યાં,
ફોગટ અરે આ લક્ષ, ચોરાશી તણાં ફેરા ફર્યાં. ૨૧
ગુરૂવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ મને,
દુર્જનતણા વાકયો મહીં, શાંતિ મળે કયાંથી મને,
તરૂં કેમ હું સંસાર આ, આધ્યાત્મ તો છે નહિ જરી,
તુટેલ તળિયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી. ૨૨
મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આનેતા ભવમાં કહો કયાંથી થશે, હે નાથજી,
ભૂતભાવિને સાંપ્રત ત્રણે ભવ, નાથ હું હારી ગયો,
સ્વામિ ત્રિશંકુ જેમ હું, આકાંશમાં લટકી રહ્યો. ૨૩
અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું,
હે દેવતાના પૂજ્ય ! આ, ચરિત્ર મુજ પોતા તણું,
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરૂં શું માત્ર આ,
જયાં ક્રોડનો હિસાબ નહીં, ત્યાં પાઇની વાતો કયાં ? ૨૪
ત્હારાથી ન સમર્થ અન્ય, દીનનો ઉદ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહિ અન્ય પાત્ર, જગમાં જોતા જડે હે વિભુ,
મુકિત મંગળ સ્થાન તોય, મુજને ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગરત્ન શ્યામજીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫

# સાવધાન !

## દહેરાસરમાં જતાં પહેલાં ઘોર આશાતનાથી બચો.

–પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસુરીશ્વરજી મહારાજ

(૧) ભગવાનના દહેરાસરમાં પ્રવેશતાં પહેલાં નિસીહી કહીને પ્રવેશવું. જેનો અર્થ છે. દહેરાસરમાં સંસારની કોઈ વાતચીત–વેપાર કે સંસારના સુખની ઈચ્છા કરવી તે મહાપાપ છે. અરિહંતોએ મોક્ષ મેળવ્યો છે. આપણે મોક્ષનું સુખ મેળવવાનું છે.

(૨) દહેરાસરની અંદર અધિષ્ઠાયક દેવ–દેવી સિવાય કોઈની પણ દેવ–દેવીની મૂર્તિ કે ફોટા મુકવા તે ઘોર આશાતના છે. હૈયામાં અરિહંત પ્રભુ પ્રત્યે અહોભાવ વધે તેવું કરવું જોઈએ.

(૩) દહેરાસરમાં કેસરની વાટકીમાં જોઈએ તેના કરતાં વધુ કેસર લેવું અને ગમે ત્યાં કેસરની વાટકી મુકવી તેનાથી દહેરાસર દ્રવ્યનાં વિનીપાતનું પાપ લાગે છે. અને

ભવાંતરમાં તેના વિપાક રૂપે ઉંટડી, કુતરા અને પશુના ભવ મળે છે.

(૪) ભગવાનના પક્ષાલનું નમન નાભીથી ઉપરના અંગમાં લગાડાય પરંતુ નાભીથી નીચેના અંગમાં લગાડાય નહીં. તેથી ઘોર અશાતના લાગે છે.

(૫) આપણા આહાર કે મોઢામાં નાખવાની કે સુંઘવાની વસ્તુ દેરાસરમાં ભુલથી લઈ આવવાથી તે દ્રવ્ય આપણે આપણા ઉપયોગમાં લઈ શકતા નથી. આજે વ્યસનો વધ્યા છે. તમાકુ અને સિગારેટના પાકિટો અજાણતાથી અંદર લઈ જનારા ભયંકર પાપ બાંધી રહ્યા છે. દેરાસરના કમ્પાઉન્ડમાં સોપારી- પાન-તમાકુ આદી ચાવતાં અવાય નહીં. પરંતુ મુખ શુદ્ધિ કરીને આવવું જોઈએ. જિનેશ્વર દેવના ભકત પાસે ઉંચામાં ઉચો વિનય અને વિવેક હોવા જોઈએ.

(૬) દહેરાસરમાં બેનોએ માથે ઓઢીને આવવું જોઈએ, નાના બાળકો અને બાળિકાઓને પણ પુરેપુરા અંગોપાંગ ઢંકાય તેવી રીતે લાવવા જોઈએ.

(૭) દહેરાસરમાં પૂજા કરવાવાળા પૂજાના વસ્ત્રમાં આવે તો મહાલાભનું કારણ છે. સન્માર્ગનું રક્ષણ--સંવર્ધન-વૃદ્ધિ તથા શાસનનું ગૌરવ વધે છે.

(૮) વહેલી સવારે આરોગ્ય માટે ફરવા જનારા પુણ્યવાનો અડધા-પાટલુન પહેરી આવે છે, એ બરાબર નથી.

(૯) આરોગ્ય માટે *Walking*ના બદલે કાયોત્સર્ગ, ખમાસમણાં, પ્રતિક્રમણ વિગેરેમાં તે સમય ફાળવવાથી તે સમય જીવનનો *GOLDEN TIME* બની જશે. આત્મા ઉપર લાગેલા અગણિત અશુભ કર્મો ઉપર દિવાસળી મુકાશે. આત્મ વિકાસમાં એક કદમ આગળ વધાશે.

(૧૦) જિન પૂજા કરવા માટે ધોતી–ખેસના વસ્ત્રોમાં જ આવવું જોઇએ. હાઇકોર્ટમાં વકીલને પણ પોતાના યુનિફોર્મમાં આવવું પડે છે. જિન મંદિર એ કોઇ ઓડી બામણીનું ખેતર નથી. જિન પૂજાના સુવિહિત વસ્ત્રો ભાવ વૃદ્ધિનું કારણ છે.

(૧૧) દહેરાસરમાં એક ધુપની અગરબત્તી ચાલું હોવા છતાં બીજી સળગાવવી તે આશાતના છે. પોતાના ઘરની અગરબત્તી હોય અને સળગાવે તો વાંધો નથી. ચકોરને ટકોર પુરતી હોય છે. જે જીવનમાં સાચી ચમકતા લાવે છે.

(૧૨) દહેરાસરમાં નિકળતાં ભગવાનને આપણી પૂંઠ ન પડી જાય એટલે પાછા પગલે નિકળવું જોઇએ. બહુમાન અહોભાવ સાથે નીકળવું જોઇએ. પ્રભુ ત્રિલોકનાથ છે. પૂંઠ પાડવાથી મણકા ખસી જવા આદિ અનેક રોગો ઉદયમાં આવે છે. ભુલને સુધારવી તે સજ્જન આત્માનું કર્તવ્ય છે.

(૧૩) ભગવાન ઉપર બને ત્યાં સુધી વાળા કુંચી કરવી નહીં પરંતુ કદાચ જરૂર પડે તો ખૂબજ સાવધાનીથી

કરવી. ગમે તેમ વાળા કુંચી ફેરવવાથી બીજા ભવમાં શરીરની ચામડી ઉતરે છે, આપણાં દાંતમાં કાંઇ ભરાઇ ગયું હોય તો કેટલી સાવધાની રાખીએ છીએ ? કાંટો કેવી રીતે કાઢીએ છીએ ?

(૧૫) પ્રભુજીની પ્રતિમા બે હાથેથી બરાબર પકડવી જોઈએ. ઘણાં ગળચી પકડી એક હાથે ઉઠાવે છે આ બરાબર નથી. નાના બાળકને માતા કેવા વાત્સલ્ય અને કાળજી પૂર્વક ઉપાડે છે ? આ તો પ્રભુજી ની મૂર્તિ છે તેના માટે ખૂબ સાવચેતી જોઈએ.

(૧૫) દહેરાસરમાં જતાં પહેલાં પુરૂષોએ મસ્તકમાં મેરૂ જેવું તિલક જેવો ચાંદલો કરવો જોઈએ. જેનો અર્થ પ્રભુ તારી આજ્ઞા મસ્તકે ચઢાવું છું. તારી આજ્ઞા ખાતર મારૂં આ મસ્તક વધેરાઇ જાય તો મને વાંધો નથી. મને મોક્ષની વધાઈ મળશે જેનો આવો ભાવ છે તેને પ્રભુની આજ્ઞા સમજવી અને ભક્ષ અભક્ષ પદાર્થ જાણવા. ગમ્ય અગમ્ય વસ્તુનો ત્યાગ કરવા અભ્યાસ કરવો જોઇએ. તે જાણવાનું ગુરુ પાસે મળે. જેથી સદ્‌ગુરુનો પરિચય કરવો જોઇએ. જે અજ્ઞાનને ભગાડે છે.

(૧૬) ગભારામાં મુખકોષ બાંધીને જવાય ભગવાન પાસે ખૂબ નજીક જઈને ધૂપ આદિ કરવું નહી. ગભારાની બહાર કરાય.

(૧૭) પ્રભુજીની પૂજાની શરૂઆત કરતાં પહેલાં આગલા દિવસના ફુલ આદિ મોરપીંછ દ્વારા દુર કરવાં જોઈએ.

ઘણાં હાથ વડે ફુલ પકડે છે. આમ કરવાથી ફુલઆદિની અંદર રહેલાં જીવોનાં પ્રાણ નીકળી જાય છે જિનેશ્વર દેવોએ દરેક ક્રિયામાં ઉપયોગની પ્રધાનતા કહી છે. ક્રિયા એ કર્મ–ઉપયોગ એ ધર્મ–પરિણામ એ બંધ વાત હૈયામાં જગાવવી જોઇએ વ્યવહારમાં બધે વિધિનું પાલન કરીએ. અહીં જેમ તેમ ચાલે ?

(૧૮) ભગવાનમાં દર્શન કરતાં ત્રણે દિશાનો ત્યાગ કરી મનને એકાગ્ર બનાવી પ્રભુ ભકિતમાં લયલિન બનવું જોઇએ. ભગવાનના ગુણો ઉપકાર પંચકલ્યાણક વિગેરેને સૂક્ષ્મતાથી વિચારવા જોઇએ. સાત્વિક આનંદનો અનુભવ થશે.

(૧૯) સ્વદ્રવ્યથી પ્રભુની પૂજા કરનાર અને તેમાં એ અષ્ટ પ્રકારી પૂજા કરવી તે મહાન લાભનું કારણ બને છે. અષ્ટપ્રકારી પૂજા આઠે કર્મોના નાશ માટે છે ચિત્તની પ્રસન્નતા વધે છે. જન્મ જરા મૃત્યુનો જલદી અંત આવે છે. માનવ જીવન સફળ બને છે. અક્ષય સુખ પ્રાપ્ત થાય છે.

(૨૦) પૂજા કરનારે ઘડીયાળ પહેરીને અવાય નહી તેમાં લોઢું આદિ હોવાથી ભગવાનના અંગે અડી જવાથી પાપનું કારણ બને છે.

(૨૧) છદ્મસ્થ મુદ્રાની ગુરુ ગૌતમસ્વામિ આદિ ગુરુની પૂજા કર્યા પછી તે કેસરથી ભગવાનની પૂજા થાય નહિ. દેવદેવીની પૂજા કર્યા પછી તે કેસરથી ભગવાનની

કે ગુરુની પૂજા થાય નહી. દેવ દેવીને અંગુઠાથી મસ્તકે એક તિલક કરાય. આરતી ન ઉતારાય ખમાસમણુ ન દેવાય.

(૨૨) દહેરાસરમાં આવતા પુરૂષોએ પોતાની અંજલી મસ્તકે લઈ નમસ્કાર કરવો. બેનોએ મસ્તકને અંજલી પાસે લઇ નમસ્કાર કરવો જેથી મર્યાદા સચવાય.

(૨૩) પ્રભુજીની હથેળી, ફેણા કે લાંછનની પૂજા કરાય નહી.

(૨૪) પૂજા કરનારે પગ ધોવાના હોય છે, તેવી રીતે દર્શન કરવા આવનારે ઉઘાડે પગે આવવું જોઇએ. અને બગડયા હોય તો ધોવા જોઈએ.

(૨૫) મહાપુણ્યોદયે મળેલ શ્રી જિનશાસન અને માનવજન્મ સફળ કરવા કુટુંબના સર્વ સભ્યોએ નિત્ય જિન પૂજા કરવી જોઇએ. તે શકય ન હોય તો રજાના દિવસે અવશ્ય કરવી. બાળકોને સ્કુલ વિગેરેને કારણે દરરોજ ન થઇ શકે તો રજાના દિવસે અવશ્ય કરાવવી. આવા જ બાળકો સુસંસ્કારોનું ઝરણું વિશ્વમાં વહેતું રાખે છે. માતા-પિતા તથા ધર્મના સાચા ભકત બની શકે છે. કુળ રત્ન કે શાસન દિપક બને છે.

(૨૬) પ્રથમ નિસીહી જિન મંદિરના મુખ્ય દ્વારે બોલવાની. હું અને મારું જિન મંદિર બીજી કોઈ વાત નહી. જિન મંદિરની સાફસુફી સુચનાદિ -કેસર- ઘસવું આદિ બીજી નિસીહી મુખકોશ બાંધી -હાથ ધોઇ- ગભારામાં

દાખલ થવું એટલે હું અને મારી દ્રવ્ય પૂજા. ચૈત્યવંદન શરૂ કરતાં પહેલાં ત્રીજી નિસીહી હું અને મારી ભાવપુજા.

(૨૭) દર્શન-પૂજા-કરતાં ભગવાનની જમણી બાજુ પુરૂષો અને ડાબી બાજુ સ્ત્રીઓએ ઉભા રહી પુજા-દર્શન સ્તુતિ આદિ કરવી.

(૨૮) પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપવાની છે. ભમતી હોય તો ભમતી ને ન હોય તો સિંહાસનમાં પ્રતિમા પધરાવી આપવી. પ્રદક્ષિણાના દુહા સારી રીતે કંઠસ્થ કરી બોલવાથી ભાવ વૃદ્ધિનું કારણ બને છે. દુહા રચીને મહાપુરૂષોએ મહાન ઉપકાર કર્યો છે.

(૨૯) શ્રાધ્ધવિધિ ગ્રંથ ગુજરાતી ભાષામાં છે. જેનું વાંચન ગુરૂ નિશ્રાએ કરવું જોઇએ. ધર્મનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત થશે.

(૩૦) પોતાના ગામના જિન મંદિરોએ તેમજ આજુબાજુના ગામ, નગરો, તીર્થો વિગેરેની સાફસુફી શુદ્ધિ વિગેરે શ્રાવકોએ ભેગા થઇ અવાર નવાર કરવા જોઇએ. સંસાર માટે અનંતા જન્મો પુર્ણ કર્યાં પણ ધર્મ સેવા માટે આજ ભવ છે.

(૩૧) ફુલ ધોવાય નહિ. સુગંધી ફુલ વપરાય ફુલ ચઢાવવા કે પૂજા કરતા પડી જાય તે ફુલ ચઢાવાય નહિ.

(૩૨) દહેરાસરમાં પેસતાંજ ત્રણ પ્રદક્ષિણા આપવાની છે.

(૩૩) કેસર ઘસતાં પહેલા ઓરસીયાને બધી બાજુથી જોઈ લેવો જોઈએ. જેથી જાળા કે નિગોદ થઈ હોય તો ખ્યાલ આવે બપોરે ધોઈને સાફ કરીને મુકયો હોય તો ચોકખો રહે.

(૩૪) કળશ પક્ષાલ કરતી વખતે થાળીમાં મુકવાનો છે. પરશાળ ઉપર મુકવાથી અશુદ્ધ રજકણો ચોંટે છે.

(૩૫) દેગડા–ડોલ–કુંડી–કળશ આદિની અંદર–બહારની કિનારી ઉપર કેટલીકવાર મેલ ભરાઇ ગયેલો હોય છે. જેની કાળજી રાખવી. ધોઈને ઉપયોગ ન કરતાં હો તો ઉંધા રાખવા જોઇએ.

(૩૬) દહેરાસરમાં સ્તવન વિગેરેની ચોપડીઓ ફાટેલી તૂટેલી ન રાખવી. ટ્રસ્ટીઓને પૂછયા વગર ગમે તે પુસ્તકો ફોટા પંચાંગો અંદર મૂકી જનાર પાપના ભાગીદાર બને છે.

(૩૭) જિન મંદિરમાં કયાંય જાળા,ધુળ વિગેરે જામી ન જાય તેનું ધ્યાન રાખવું જોઇએ.

(૩૮) જિનમંદિરમાં સંસારને લગતી લગ્ન પત્રિકાઓ મુકી શકાય નહિ. વેપારની જાહેરાતો દહેરાસરની અંદર કે બહાર લગાવાય નહિ.

(૩૯) અંગલુછણા મલમલના ચોકખા અને મોટા જોઇએ. અંગલુછણા થાળીમાં મુકવા જોઇએ. ખભા ઉપર કે પરસાળ ઉપર મૂકાય નહિ. આપણને અડી ન જાય

તેની કાળજી રાખવી જોઇએ. અંગલુછણા અને પાટ લુછણીયા જુદા રાખવા જોઇએ. એક અલગ પરાંતમાં અંગલુછણા ધોવા જોઇએ. તે પરાંત બીજા કોઈ ઉપયોગમાં ન લેવાય. બાથરૂમ, ચોકડીમાં કે જમીન ઉપર ધોવાય તે અશાતના છે. અંગલુછણા બીજા કોઈપણ ઉપયોગમાં ન લેવાય.

(૪૦) ત્રિકાળ પૂજા કરવાનું જ્ઞાનીપુરૂષોનું વિધાન છે. સવારે વાસક્ષેપે પૂજા મધ્યાનહ સમયે અષ્ટ પ્રકારની પૂજા સંધ્યા સમયે ધૂપ તથા દિપક આરતી પૂજા.

(૪૧) જિન પૂજા આગમાનુસારી છે. તેનું જોરદાર વર્ણન પ. પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ. સા. એ ૧૫૦ ગાથાની હુંડીના સ્તવનમાં કર્યું છે. તેનું ભાષાંતર પ. પૂ. આ. દે.શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજાએ છપાવ્યું છે. આ સ્તવનની ખુબી એ છે કે જેઓ મૂર્તિને માનતા નથી. અને ૩૩ આગમોને માને છે. તે ૩૩ આગમોના આધારે ઠેર ઠેર જિનપૂજાના જે પાઠો છે તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. આ મહાપુરૂષે જેટલા મિથ્યામત ફેલાયા તે બધાની સામે જોરદાર શાસ્ત્રાધાર આપી વિશ્વમાં જૈન શાસન જયવંતુ રાખ્યુ છે. સકલ સંઘને ગેરમાર્ગે જતો ઉગારી લીધો છે.

(૪૨) જે દોરી ઉપર અંગલુછણા સુકવ્યા હોય તેને માથું ન અડી જાય તેવી રીતે સુકવવા જોઈએ. પડી ન

જાય તે માટે કલીપો લગાવવી જોઈએ. પગ કે ટેબલ ઉપર ન સંકેલતા થાળીમાં સંકેલી થાળીમાં મુકવા જોઇએ.

(૪૩) જિનપૂજા સ્વદ્રવ્યથીજ કરવી જોઈએ કદાચ દહેરાસરનું કેસર આદિ વાપરવુ પડે તો તે કેસર એવી રીતે ઉપયોગ કરવો કે વાટકીમાં કેસર પડી રહે નહી થાળી વાટકી ધોઇને જે જગ્યા નકકી કરી હોય ત્યાં મુકવી.

(૪૪) ધૂપ ધૂપદાનીમાં મુકવો જોઈએ સળગતી અગરબત્તી પાટલા ઉપર ન મુકાય. દીપક થાળીમાં મુકવો જોઈએ.

(૪૫) સમગ્ર જિનમંદિરમાં ઇલેકટ્રીક ન આવે તે વધુ સારૂ તે ન બને તો ગભારામાં નજ લાવવી. બહાર પ્રકાશ એવી રીતે લગાવવો જે પ્રભુના મુખ ઉપર ન આવે અમદાવાદમાં સુરત રોડ ઉપરના મોટા મહાવીરસ્વામિ દહેરાસરમાં આ પ્રમાણે છે. આપણા મુખ ઉપર કોઈ સતત લાઇટ નાખે તો શું થાય ? પ્રભુને સાક્ષાત માની પૂજા કરવાની છે.

(૪૬) પૈસા આદિ ભંડાર પોતાને હાથે નાખવા. પાટલા વ્યવસ્થિત મૂકી દેવા.

(૪૭) સુંદર આંગી જયારે રચવામાં આવી હોય ત્યારે બીજે દિવસે સવારે વહેલા નહિ ઉતારતા, દર્શનાર્થીઓ દર્શન કરી અનુમોદના કરી શકે તે માટે ૮-૩૦ સુધી તો રાખવી.

(૪૮) ચૈત્યવંદન કર્યા બાદ ફળ નૈવેદ્ય માટે જ્યાં છાબડી કે વ્યવસ્થા હોય ત્યાં મુકવા.

(૪૯) સામુદાયિક ક્રિયા સિવાયના સ્તુતિ-સ્તવન ચૈત્યવંદન બોલતી વખતે બીજાને ખલેલ ન પડે તેની કાળજી રાખવી જોઇએ.

(૫૦) મોરપીંછીથી ફુલ ઉતાર્યા બાદ કુંડીમાં દબાવીને ન મુકાય. છાયડો હોય અને તેની ઉપર કોઇના પગ ન આવે તેવી જગ્યાએ પરઠવવા જોઇએ.

(૫૧) આરતી મૂળનાયક ભગવાનને જ ઉતારાય બધે નહિ.

(૫૨) પુજા કરનારે ધોતી-ખેસ બહેનોએ સાડી આદી પહેરી પુજા કરવી. ઉદ્ભટ્ટ વેશ પહેરી દહેરાસરમાં ન અવાય.

(૫૩) કોઈની પણ ભુલ તિરસ્કાર પૂર્વક કે હડધૂત કરી ન કહેવી સોનાની લગડી પણ ધગધગતી તપાવીને ન અપાય.

(૫૪) પ્રભુજીના મુખારવિંદ ઉપર વાળાકુંચી ફેરવી શકાય જ નહિ.

(૫૫) જિનમંદિરમાં કોઈપણ દેવ-દેવીના ફોટા રાખવા નહિ.

(૫૬) જિનમંદિરમાં ત્રિગડુ એવી રીતે રાખવું જોઇએ કે જેથી દર્શન ચૈત્યાંવંદન કરનારાને તકલિફ ન પડે.

(૫૭) ૨૪ ભગવાનના જીવન ચરિત્રો એકવાર જીવનમાં વાંચી જવા.

(૫૮) જિનેશ્વર દેવોના ગુણગાન ગાવા તેનીજ વાણી સાંભળવી. તેની આડગ સમજવી. ઉતારવી તેનાજ શાસ્ત્રો અને ગીતાર્થ મહાપુરૂષે સર્જન કરેલા પુસ્તકોનું વાંચન પરિશિલન અધ્યયન કરવું. જિનની આજ્ઞા પાળતા પળાવતા જિનમતમાં ચાલતા ચલાવતાની સેવા-પૂજા-ભકિત કરી માનવજીવન સફળ બનાવવું.

(૫૯) અંગપૂજા ગભારામાં થાય બાકી અગ્ર અને ભાવપૂજા ગભારાની બહાર થાય.

(૬૦) ધાતુની પ્રતિમાને પક્ષાલદિ અંગલુછણા બેસીને થાય. ગમેતેમ ઉપાડાય નહિ.

(૬૧) આંગી કરેલ પ્રતિમા ઉપર પૂજા ન કરાય. આંગીનુ ખોખુ મુગટ આદિ નીચે ન મુકાય.

(૬૨) પુરુષોએ પુરૂષોની જગ્યાએ તેમજ બેનોએ બેનોની જગ્યાએ ચૈત્યવંદન કરવું પતી-પત્ની સાથે બેસી ચૈત્યવંદન ન કરાય.

(૬૩) પુરુષોની સભામાં બેનોએ દાંડિયા રાસ કે ગાવું જોઈએ નહિં. બેનોની પૂજા ભાવના હોય ત્યારે પુરુષોએ જવાય નહિં.

(૬૪) પુરૂષોની પૂજા-ભાવનામાં જે ગવૈયાઓની સાથે સ્ત્રી ગાતી હોય, તેવા તથા એકલી સ્ત્રી ગાયકને આમંત્રણ આપવું નહીં.

(૬૫) પ્રભુજીને પક્ષાલ સુર્યોદયથી સુર્યાસ્ત સુધી થઇ શકે માટે આંગી આદિ સુર્યોદય પછી ઉતારવા જિન પૂજા કરી વહેલા જવાની ભાવનાવાળા માટે ધાતુની એક નાની પ્રતિમા પૂજા માટે જરૂર હોય તો અપવાદ માર્ગે વહેલા પક્ષાલ કરી પૂજા કરી શકાય.

(૬૬) ઝવેરીની દુકાનમાં કામ કરનાર કચરામાં હીરા આવે અને ફેંકી દે તો માલિક કાઢી મુકે. પણ ધ્યાન દઈને કામ કરે તો માલિક બઢતી આપે તેમ શ્રી જિનશાસનના કાર્યો ઝવેરાતથી પણ અધિક મુલ્યવાન છે. તેમાં જેટલી ચિવટ રાખીએ તેટલો વધુ લાભ અને ઉપેક્ષા કરીએ તો વધુ નુકશાન.

(૬૭) ખંભાતના મોટા ભાગના જિન મંદિરોમાં પૂજારી નથી. શ્રાવકો જાતે જ બધુ કામ સંભાળે છે.

(૬૮) દેવ દ્રવ્યમાંથી પૂજારીને પગાર આપી શકાય નહી.

(૬૯) પ્રભુ શાસનના મહા પુણ્યશાળી ટ્રસ્ટીઓએ દેવ દ્રવ્ય આદિ જે કાંઇ વધુ રકમ પડી હોય તેનો મોહ ઉતારી જ્યાં જરૂર હોય ત્યાં આપી દઇ જિનશાસન ઝગમગતું બનાવવાની જરૂર છે. સમય એવો આવી રહ્યો છે-રાજાઓના સાલિયાણા એક કાચી સેકન્ડમાં નાબુદ કર્યા

તેમ આ રકમ પર કોની ક્યારે નજર પડશે તે ન કહી શકાય. શાણપણ–ડહાપણ–દીર્ઘદૃષ્ટિને જેમ જલ્દી ઉપયોગ થાય તે કરી દેવા જેવો લાગે છે. ફાજલ પડેલ રકમનો વ્યવસ્થિત ઉપયોગ થઇ જાય તે સૌની જોવાની ફરજ છે.

(૭૦) પૂજા કરનાર ભાગ્યશાળીએ કેસર નખમાં ન જાય તેની કાળજી રાખવાની છે. ટેરવાના ભાગમાં કેસર લઇ પૂજા કરાય. નખમાં મેલ હોય તે કેસરમાં જાય, અશાતના થાય. વળી તે હાથે ખાઇએ તે પેટમાં કેસર જાય તો દેવ દ્રવ્ય ભક્ષણનો દોષ લાગે.

(૭૧) પ્રભુના અંગે પૂજા કરતી વખતે ટાઇપ મશીનની જેમ પૂજા નથી કરવાની–ઘોદા નથી મારવાના નખ ન અડી જાય. સાક્ષાત્ તીર્થંકર–ભગવંતને હું સ્પર્શ કરી રહ્યો છું. તેવી રીતે પૂજા કરવાની છે.

(૭૨) પૂજા–ભક્તિ–ભાવના–સ્તવના કરતી વખતે પૂર્વાચાર્ય કૃત કૃતિએ ગાવા જોઇએ. સિને સ્ટાઇલ રાગ ગાવાથી શ્રોતાઓની સામે તે દ્રશ્યો મનમાં રમતા થઈ જાય છે લાભના બદલે નુકશાનનું કારણ બને છે. મોટો ભાગ અત્યારે સિનેમાં ટી.વી.માં ઢસડાઈ માનસ બગાડી રહ્યો છે. ત્યારે જિન ભક્તિ વખતે એવું શ્રવણ કરાવવું જોઇએ કે શ્રોતાનું જીવન પરિવર્તન થઇ જાય. એકટરનો મટી અરિહંતનો બની જાય.

(૭૩) પ્રભુના જમણા અંગે વારંવાર ચાંદલા કરવાની વિધિ નથી. કોઈના વતી પણ વારંવાર ચાંદલો થાય નહી. ૨૫ જણે પૂજા કરવા કહ્યું હોય તો સકળ સંઘ વતી એક ચાંદલો-કરવાથી બધા વતી પૂજા આવી જાય છે. તેમ દર્શન આવી જાય છે.

(૭૪) પ્રભુના હસ્ત કમળમાં કંઈને કંઈ મુકવું જોઈએ. રૂપાનાણું ચાંદીનું નાળિયેર વિગેરે.

(૭૫) જિન મંદિરના દર્શન-વંદન કર્યા પછી બિરાજમાન ગુણુભગવંતને વંદન કરવા જવું જોઈએ. વંદન વિધિ કદાચ ન આવડતી હોય તો ત્રણ ખમાસમણા આપી વંદન થઈ શકે. સદ્‌ગુરુનો ક્ષણનો પરિચય ટન બંધ લાભ કરી શકવા સમર્થ છે. જિનવાણી શ્રવણનો યોગ હોય તો સંપુર્ણ સાંભળવું છેવટે પાંચ મિનિટ પણ સાંભળવું. ગુરુ વાકયનું એક જ ઇન્જેકશન ભવો ભવના ફેરામાંથી ઉગારી શાશ્વત એવા મોક્ષ સુખને આપવા સમર્થ છે.

(૭૬) દેવ ગુરુ પાસે ખાલી હાથે જવાય નહિં.

(૭૭) જિન મંદિરની અંદર દેવ દ્રવ્ય સિવાયના બીજા કોઈ ભંડાર ન રાખવા જોઈએ. બીજા બધા ખાતાના ભંડારો બહાર રાખવા જોઈએ.

(૭૮) પ્રભુની પૂજા કરવા જતાં પહેલા નાહવાનું પંચીયું જુદુ રાખવું જોઇએ. નહિ તો એઠી બેઠી ગયેલા કપડાથી સ્નાન કરવામાં અશુદ્ધ પરમાણુ નાહ્યા પછી

શરીરને લાગેલા પડયા હોય છે. આશાતનાનું પાપ લાગે છે. નગ્ન નહવાય નહિં.

(૭૯) અખંડ દિવો રાખવો એ ફરજીયાત નથી. દેવદ્રવ્યમાંથી લોકોની પાસે માંગી ખુંચીને અખંડ દીવો ન રાખવો. પરંતુ કોઈ ઉલ્લાસથી અખંડ દીવો રાખે તો વાંધો નથી.

(૮૦) અખંડ દીવાના બદલે સહુથી પહેલા ઇલેક-ટ્રીક લાઈટ કાઢવી જરૂરી છે. અજન્ટા-ઈલોરાની ગુફામાં ઈલેકટ્રીક લાઈટ પેસવા દીધેલ નથી. લાઈટથી કલાકૃતિને તેમજ પ્રભુજીની અંજન વિધિમાં નુકશાન થાય છે.

(૮૧) પૂજા ભાવનામાં ભાઈ બહેનોએ સામ સામા મુખ કરી બેસવું નહી. પરંતુ પુરૂષની પાછળ બેનો બેસે ગવૈયા વિગેરેએ બેનો સામે બેસી ગાવું નહિ.

(૮૨) પુજા ભાવના વ્યાખ્યાન પ્રતિક્રમણના સમયે આડીઅવળી વાતો ચલાવી ભકિતમાં અંતરાય કરવો નહી. પ્રભુની હાજરીમાં ઉપદેશાત્મક ભાષણ તે અનધિકાર વર્તન છે તેનાથી ભવાંતરમાં બેરા-મુંગાના અવતાર મળે છે.

(૮૩) જેવી આવડે તેવી સ્નાત્ર પુજા ભાવના સ્વયં ભણાવવાનો આગ્રહ રાખવો. શરૂઆતમાં તકલિફ જણાશે. પણ જ્યારે એક બે વખત આ પ્રમાણે શરૂ થશે. પછી ભાવોલ્લાસ વૃદ્ધિ પામશે. જ્ઞાની, ગુરુ ભગવંતોએ

પૂજામાં આગમ સાહિત્યોના રહસ્યો સરળ શબ્દોમાં ગુંથી આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

(૮૪) અંગલુછણા બરાબર સાફ ન થવાથીપ્રતિમાજીને ઘસારો પહોંચે છે. માટે અંગલુછણા ખૂબ વ્યવસ્થીત ધોવા.

(૮૫) અંગલુછણા અને પાટલા લુછણા સાથે રાખવા નહી. અડાડવા નહી તેમજ સાથે ધોવા નહી.

(૮૬) જે જગ્યાએ પગ ધોવાતા હોય; વાસણ મંજાતા હોય તે જગ્યાએ અંગલુછણા ધોવાય નહી.

(૮૭) અંગલુછણા થાળીમાં રાખવા જમીન પર પડયા પછી ભગવાનને અંગલુછણા કરાય નહિ.

(૮૮) પૂજામાં સ્ટીલના વાસણો વાપરવા નહી. તેમજ પૂજાની ડબી–નવકારવાળી પ્લાસ્ટીકની જોઇએ નહીં.

(૮૯) ભગવાનને હાથ સિવાય શરીરના બીજા કોઇ પણ અંગો કે કપડાના છેડા અડવા જોઇએ નહીં.

(૯૦) જિનમંદિરમાં પુરુષોની હાજરીમાં બેનોએ ગાવુ નહીં. તેમજ પુરુષની હાજરીમાં બેનોએ દાંડીયારાસ લેવાય નહિ કે નૃત્ય કરાય નહિ, તો પુરુષની સાથે તો કેવી રીતે રમાય? વરઘોડામાં બેનોથી દાંડીયા રમાય નહિ. બેનો નૃત્ય કરતા હોય ત્યાં પુરુષો કે બાળકોએ જવાય નહિં. ટ્રક કે વાહનમાં બેસી સંગીત ગાય તો વાંધા જેવું લાગતું નથી.

(૯૧) ચંદન ઘસવાના ઓળસીયા બરાબર સાફ થવા જોઈએ. નહી તો બીજે દિવસે ઘસેલું કેસર વાસી થઈ જાય છે.

(૯૨) ચૈત્યવંદન કરતા પહેલા પ્રભુની ૩ અવસ્થા ભાવવી જોઇએ (૧) પિંડસ્થ અવસ્થામાં જન્મ અવસ્થા (૨) રાજ્યઅવસ્થા પદસ્થ અવસ્થામાં શ્રમણ અવસ્થા અને (૩) રૂપસ્થ અવસ્થામાં કેવળજ્ઞાન અને મૌન અવસ્થા એટલે રૂપાતીત અવસ્થા લાવવી જોઇએ.

(૯૩) જિનમંદિરની ધજા દેખાતાની સાથે મસ્તક નમાવી બે હાથ જોડી "નમો જિણાણં" બોલવું જોઇએ. આમ કરવાથી શાશ્વતા અશાશ્વતા જિનમંદિરોમાં રહેલી જિનમૂર્તિઓને વંદન થાય છે. તથા તેમાં થતાં દર્શન વંદન–સ્તવના–સુકૃતની અનુમોદનાનો લાભ થાય છે.

(૯૪) કેટલીક બેનો પૂજાના કપડા દરરોજ જુદા જુદા પહેરે છે તો તે માટે પાંચ છ જોડ હોય તો સારૂ બાકી જે કપડાથી માત્રાદિ કર્યું હોય તેવા કપડા ધોયા બાદ પણ ઉપયોગમાં ન લેવાય.

(૯૫) દહેરાસર–ઉપાશ્રયમાં જ્યાં અવર જવર વધુ રહેતી હોય ત્યાં પીવા માટે કાચા પાણીની વ્યવસ્થા હોય છે. પણ પાકા પાણીની વ્યવસ્થા ભાગ્યેજ હોય છે તો પાકા પાણીની વ્યવસ્થા રાખવી જોઇએ. પાણી લેવા ડોયો રાખવો જોઇએ. ગ્લાસ કોરો કરીને મુકવાની સુચના ત્યાં લગાવવી જોઈએ.

(૯૬) દહેરાસર નાના હોય ત્યાં સ્નાત્ર પૂજા–ભાવના–ભકતામર રત્નાકર પચ્ચસી નવકારવાળી ગણવી. આદિ દહેરાસરની બહાર વ્યવસ્થા થાય તો સારૂં.

(૯૭) પૂજારીના કપડા ગંદા ન રહે તેની કાળજી રખાવવી. અને દહેરાસરમાં હોય ત્યારે લાલ ધોતી અને પીળા ખેસમાં હોવો જોઇએ. લેંઘા પેન્ટની છુટ ન અપાવી જોઇએ. ઘેરથી નાહીને ન આવવો જોઇએ. દહેરાસર પાસે તેની તે વ્યવસ્થા રખાવી જોઇએ.

(૯૮) ચોખા–બદામ–વરખ–બાદલુ–ફળ–નૈવેદ્ય બધુ દેવ દ્રવ્યજ ગણાય જેથી જે તે વસ્તુ વેચી દેવ દ્રવ્યમાં જમા કરાવવું જોઇએ.

(૯૯) પ્રથમ મંગળ દીવો પ્રગટાવી પછી આરતી પ્રગટાવી–લુણ ઉતારી પૂજા કરી–ડાબાથી જમણી તરફ ઉતારવો અને ઉતારતાં મસ્તકની ઉપર કે નાભીની નીચે ન જવો જોઇએ. તેની કાળજી રાખવી. આપણા હાથે ઓળવવો નહિં.

(૧૦૦) ભંડારમાં ચોખાદિ નાખવાની જગ્યા કાયમ ખુલ્લી ન રહેવી જોઈએ બુચ દાટો રાખવો જોઈએ અંદર પટ્ટી નખાવવી જોઈએ. તાળાને સીલ મારવું જોઇએ. ઓછામાં ઓછાં બે ત્રણે ભેગા મળી–સીલ તપાસી–ભંડાર ખોલી ચોખા–બદામ–રકમ જુદી પાડી ચોપડામાં જમા લઈ લેવી. કદાચ પરચુરણ ગણવાનો ટાઇમ ન હોય તો

પૂજારી-મહેતાજી કે નોકરને ન સોંપતા તાળા કુંચીમાં રાખવું.

(૧૦૧) દહેરાસરમાં ઘડિયાળ ન રાખવી જોઈએ.

(૧૦૨) પૂજારી સવારમાં વહેલો આવતો હોય-તેને એકાદ કલાક ચા-પાણી માટે છુટી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. મોટા દહેરાસરોમાં બે હોય તો વારા ફરતી જાય. એકની હાજરી અવશ્ય હોવી જોઈએ. વ્યસનમાં ફસાયેલા-ઓને આવા કામમાં રોકવા નહિં.

(૧૦૩) પૂજારી-મુનીમ-ચોકીવાળા માણુસો બરાબર કામ કરે છે કે નહિ તેની દેખરેખ પુરી રખાવવી જોઈએ. અને તે કામ કારોબારીમાંથી એકને સોંપાવું જોઇએ. નોકરીયાત માણુસો સાધર્મીકોનું કેટલીકવાર અપમાન પણ કરી નાંખે છે. તેવું ન થાય તેની પણ કાળજી રખાવી જોઈએ.

(૧૦૪) બિન જરૂરી વસ્તુઓનો નિકાલ કરી દેવો જોઈએ.

(૧૦૫) જિનમંદિરના ઉપકરણોનું સ્ટોક લિસ્ટ રાખવું જોઈએ. પૂજારી (બીજા નોકરાદિ) ને ઘેર સુવાવડ કે અંતરાયનો પ્રસંગ હોય ત્યારે દહેરાસરનું સંપુર્ણ કામ કરી લેવા માટેની અગાઉની વ્યવસ્થા ગોઠવી રાખવી જોઇએ.

(૧૦૬) નિત્ય નવકારશી-પોરસી વિગેરેના બોર્ડ ઉપર સમય લખાય તેમ કરવું જોઇએ.

(૧૦૭) કંકોત્રી વિગેરે જેમ તેમ લગાવાતી હોય છે. તેના બદલે વ્યવસ્થિત લગાવી શકાય તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

(૧૦૮) ટીપ કે બોલીની રકમ તુરતજ ભરપાઈ કરવી જોઇએ. મોડી આવવાથી દેવપ્રયાદિના વ્યાજના ભક્ષણનો દોષ લાગે છે.

(૧૦૯) પૂજાના કપડા રોજ ધોવાવા જોઇએ. કોઈવાર અનુકુળતા ન હોય તો છેવટે પલાળી-નીચોવી-સુકવી નાખવા જોઇએ.

(૧૧૦) તીર્થયાત્રાએ જતી વખતે સાધારણ ખાતામાં ઉદારતા પુર્વક રકમ લખાવવી જોઇએ. કાયમ માટે તીર્થ સાચવતા માણસોનો ખર્ચ સાધારણમાંથી અપાતા હોય છે. તે ખાતા તરતા રાખવા જોઇએ.

(૧૧૧) ઇત્કૃષ્ટ વિધિ ચાંદલો કરવાની -પ્રથમ મસ્તકે શિખર- પછી બે કાને- પછી ગળે પછી હ્રદયે અને પછી નાભીએ કરવાની છે.

(૧૧૨) પ્રાચિન જિનમંદિરોમાં આપણા પુર્વાચાર્યોએ તેમજ બહુશ્રુત શ્રાવકરત્નોએ જે સારી વ્યવસ્થાઓ જાળવી હોય, જોઈ હોય, સાંભળી હોય તેને વ્યાપક બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. શરૂઆતમાં તે વિચાર નાની જ્યોત રૂપે હોય છે. ત્યાર બાદ તે મહાજ્યોત બની

અગણિત જીવોને સુંદર માર્ગદર્શન આપવામાં નિમિત્ત-રૂપ બને છે.

(૧૧૩) સૌ વહિવટદારોએ શાસનોપયોગી અનુભવની નોંધ કરી તેને જૈન માસિકો દ્વારા પ્રસિદ્ધિ આપવી જોઇએ.

(૧૧૪) પ્રભુજીના સંમવસરણુ-ત્રિગડા ઉપર કાર્ય પતી જાય કે તુરતજ લાલ કપડું લગાવી દેવું જોઇએ જેથી ધુળ ભરાય નહીં તેની પોલીસ આદીને નુકશાન થાય નહિ.

(૧૧૫) ઘણા શહેરોમાં ગામડામાં વ્યવસ્થા હતી -ઘર દીઠ સ્નાત્ર ભણાવવા એક વ્યકિત રોજ આવતી. તે પ્રથા શકય હોય તો ચાલુ કરાવવા જેવી છે. સંસ્કારો જિવંત રાખવામાં તેમજ આત્માને જાગૃત રાખવા આ બધા ઊંચા આલંબનો છે.

(૧૧૬) મોટા શહેરોમાં નોકરી ધંધા સ્કુલ વિગેરે જનારા દફતર પાકિટ-છત્રી-બુટ ચંપલ સાથે લઇ આવતા હોય છે. તેઓ બહાર મૂકી દર્શન કરીને આવે ત્યાં વસ્તુ ઉપડી જવાના બનાવો બનતા હોય છે. આ માટે બહાર નાના કબાટ અગર બીજી કોઈ ઉચિત વ્યવસ્થા કરવી જોઇએ.

(૧૧૭) જિનમંદિરોમાં ચોરીઓ વધતી જાય છે. તે માટે ખુલ્લુ હોય ત્યારે અને માંગલિક થયા પછી

ચોકિયાત-ગોઠવવા જોઇએ. આ ખર્ચ સાધારણમાંથી આપવો જોઇએ.

(૧૧૮) ખંભાતનું ફિણુ મંગાવી બે ત્રણુ મહિને એકવાર બધી પ્રતિમાઓ સુંદર સ્વચ્છ બનાવવી જોઇએ.

- ચૈત્યવંદન કર્યા બાદ ચોખા-આદિ ભંડારમાં વ્યવસ્થિત મુકી દેવા. જો આમ ન બને તો, ચકલી આદિ ચોખાનો દાણો ખાય તો તે દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે.
- ચૈત્યવંદન કરતાં ન આવડતું હોય તો. ચોપડીમાં જોઇ જોઇને બોલ્યા કરવું. રોજ રોજ જોઇને બોલવાથી ટુંક સમયમાં તે ચૈત્યવંદન મુખ પાઠ થઈ જશે. એક આવડી ગયા પછી બીજું જોઇને બોલવું. આવી રીતે કરવાથી જીવનમાં ઘણા ચૈત્યવંદન-થોટ-સ્તવનો મોઢે થઈ જશે. આત્માનો આનંદ અનહદ વધી જશે.
- ધંધા-રોજગાર-વ્યવસાય-અભ્યાસને લઇને રોજ જલ્દી પૂજા કરી જનારો વર્ગ વધતો જાય છે. આવા પુણ્યવાનોએ જયારે જયારે રજાનો દિવસ આવે ત્યારે ખુબજ શાંતિથી વિધિ સહિત પૂજા કરવાથી સમ્યકત્વ નિર્મળ થશે.
- પાઠશાળાના બાળકોને મહિને એક દિવસ પૂજા વિધિ વ્યવસ્થિત શિખવવી.
- સાત પ્રકારની શુદ્ધિ જાળવવાની છે. અંગ-વસ્ત્ર-મન ભુમિ-દ્રવ્ય અને વિધિ શુધ્ધતા.

- ચૈત્યવંદન કરતાં પહેલાં ભુમિને પ્રમાર્જવાની છે.
- ૧૦ પ્રકારની ત્રિક છે. તેનું જ્ઞાન મેળવવું જોઇએ. નિસીહી, પ્રદક્ષિણા, પ્રણામ, પૂજાત્રિક, અવસ્થા, દિશિ-ત્યાગ, પ્રમાર્જના, આલંબનત્રિક, મુદ્રા, પ્રણિધાનત્રિક.
- જે સૂત્રો આપણે બોલીએ છીએ. તેના અર્થ પણ વારંવાર વાંચવા તેનાથી ખુબ લાભનું કારણ બનશે. ખિસામાં પાકિટ ખાલી હોય અને તેમાં પૈસા ભરેલા હોય ? એમાંથી શેમાં વધુ આનંદ ? સુત્ર અને અર્થની જાણકારી પણ ચિત્તામાં આવો આનંદ પ્રગટાવે છે. આપણા મહાપુરૂષો પ્રત્યે પુજ્યભાવ પ્રગટે છે. નાના સુત્રમાં રહસ્યોના ઢગલા ભરી દીધા છે.
- અષ્ટપ્રકારી પૂજાનો ક્રમ– જલપૂજા–ચંદનપૂજા–પુષ્પ–ધુપ–દીપ–અક્ષત–નૈવેદ્ય અને ફલપૂજા.
- પૂજા કર્યા બાદ ત્રણ ઘંટ વગાડવાના. મારો આજનો દિવસ ધન્યાતિધન્ય બની ગયો. મને નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિ થાવ. જગતના સર્વ જીવોનું ક્ષેય થાવ.
- તીર્થયાત્રાએ જઇએ ત્યારે આપણાથી તે તીર્થોની પવિત્રતાને સહેજ પણ ઝાંખપ લાગે તેવું વર્તન ન કરવું જોઇએ. અન્ય સ્થાનમાં કરેલા પાપો, તીર્થસ્થાનમાં નાશ પામે છે તીર્થક્ષેત્રમાં કરેલા પાપો, વજ્રલેપ સમાન બની જાય છે. ખુબ જાગૃત રહેવું.

- ઘેરથી નીકળ્યા પછી જયણા પુર્વક ચાલવું. બને તો કોઈની સાથે વાતચીત કરવી નહિં.
- જિનભકિતના ફળ માટે શાસ્ત્રકારોએ લખ્યું છે કે જેમ છિદ્રવાળી હથેલીમાં પાણી ટકી શકતું નથી. તેમ જે આત્મા નિત્ય શુભ ભાવ પુર્વક જિનભકિત કરે છે, પરમાત્માના દર્શન કરે છે. તેવા આત્મામાં પાપ લાંબો ટાઈમ ટકી શકતા નથી.
- કુમારપાળ મહારાજા, શ્રીપાળમયણા, રાવણ, સંપ્રતિ-મહારાજા પેથડમંત્રી, વસ્તુપાળ, તેજપાળ, મોતીશા શેઠ, વિગેરેના પ્રસંગો વાંચી જવા. તે આત્માઓને શ્રી જિનશાસન મલ્યુ અને કેવું ફળ્યું ! આવા અજોડ – અદ્વિતીય – ધર્મશાસનનો હું અનુયાયી છું, વારસદાર છું. મારા તન મન ધનની જેટલી સંપત્તિ અને શકિત લગાઉ તે ઓછી છે. મારા પુર્વજો કરતાં હું સવાયા જૈન સાશનના કાર્યો કયારે કરીશ ? ત્રણ જગતમાં ત્રણે કાળમાં જે જે પુણ્યવાનોએ જિનાજ્ઞા મુજબ જયાં જયાં આરાધના કરી હોય તેની રોજ અનુમોદના કરવી. સાચી અનુમોદના આત્મામાં ગુણોનું ઉત્પાદન કરે છે. દુષ્કૃત્યોના મૂળિયામાં અગ્નિ પડે છે. જીવનમાંથી દુષ્કૃત્યો સદાય વિદાય થઈ જાય છે.
- જિનમંદિર સમ્યગ્દર્શન મેળવવાની યુનીવર્સીટી છે.
- આંખ, અંતર અને આત્માને પાવન કરનાર દેવ, ગુરૂ અને ધર્મ છે

○ માનવજીવન અને શ્રી જિનશાસન મળેલું સાર્થક કરવું હોય તો છાપાઓ–નોવેલો–આડા અવળા મેગેઝીનો પાછળ મુલ્યવાન જીવન વેડફ્યા સિવાય (૧) ધર્મસંગ્રહ (૨) શ્રાવકે શું કરવું જોઈએ ? (૩) દેવ–ગુરૂ–ધર્મતત્વ–વિચાર (૪) જિનવાણી (૫) પૂ. આનંદઘનજી મ. સા, પૂ. યશોવિજયજી મ. સા., પૂ. જ્ઞાનવિમલસુરિ મ. સા., પૂ. માનવિજયજી મ. સા. વિગેરેએ રચેલાં સ્તવનો સજ્ઝાયો–પદો વિગેરેના અર્થો–વિવેચન (૬) શ્રી વીર-વિજયજીકૃત રચેલી પૂજાઓ તેના વિવેચનો વિગેરે જ્ઞાન ભંડારમાંથી મેળવીને વાંચવા જોઈએ. આવા વાંચનથી વેડફી નાખેલા સમય માટે દુઃખ થશે. પણ ભાવિ સુંદર બનાવવા અંતર જાગૃત થશે.

○ પ્રક્ષાલનું પાણી, ફુલ વિગેરેને કોઈનો પગ ન પડે તેવી શુદ્ધ જગ્યાએ લીલ, ફુગ ન થાય તેવી રીતે જયણાથી પરઠવવાં.

○ અભિષેકનો દુહો–

જ્ઞાન કળશ ભરી આત્મા, સમતા રસ ભરપૂર,
શ્રી જિનને ન્હવરાવતાં, કર્મ થાયે ચકચૂર.

○ ચંદન પૂજાનો દુહો–

શીતળ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ,
આત્મા શીતળ કરવા ભણી, પૂજા અરિહાઅંગ.

○ ધૂપ પૂજાનો દુહો–

ધ્યાનઘટા પ્રગટાવીએ, વામનયન જિનધૂપ,
મિચ્છત દુર્ગંધ દુર ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ.

○ દીપક પૂજાનો દુહો–

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક,
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાષિત લોકાલોક.

○ અક્ષત પૂજા– (અખંડ ચોખા લેવા)

અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરૂં અવતાર,
ફળ માંગું પ્રભુ આગળે, તાર તાર મુજ તાર.

○ સાથિયા ઉપર સિદ્ધશિલા કર્યા બાદ–

દર્શન જ્ઞાન ચરિત્રના, આરાધનાથી સાર,
સિદ્ધ શિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર.

○ નૈવેદ્ય પૂજા– સાથિયા ઉપર નૈવેદ્ય, શુદ્ધ ઘી ની મિઠાઇ સાકર, પતાસા વિગેરે મુકી નીચેનો દુહો બોલવો.

અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઇય અનંત,
દુર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત.

એક ભવમાંથી બીજા ભવમાં જતાં વચ્ચે અનંતીવાર આહાર (ભોજન) વગર હું રહ્યો, હવે ભવ ભ્રમણ ટાળી સદા માટે અણાહારી મોક્ષ મને આપો.

ફળપૂજા :– ચંદ્રાકાર સિદ્ધશિલા ઉપર પાકાં, મધુર ફળો મૂકી આ દુહો બોલવો.

ઈન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ,
પુરુષોત્તમ પુજી કરી, માગે શિવ ફળત્યાગ.

ત્યારબાદ પ્રભુની સન્મુખ ચામરવીંઝવા, દર્પણમાં પ્રભુને જોવા.

ખમાસમણાં પંચાગ બરાબર અડે તે રીતે આપવા જોઇએ. બે હાથ, બે ઘુંટણ, માથું જમીનને બરાબર અડાડવા જોઇએ. સંસારમાં બધે વિધિનું પાલન કરીએ છે. દવા સમયસર જેમ કીધી હોય તેમ લઈએ તો જ લાભ થાય, તેમ ધર્મ ક્રિયામાં વિધિનું જ્ઞાન, બહુમાન, આદર હોવો જોઇએ **અવિધિ થઈ જાય પણ વિધિસર કરવાનું લક્ષ હોવું જોઇએ.**

ચૈત્યવંદન કરતી વખતે ડાબો પગ ઉંચો કરી બેસવાનું છે. જેને યોગ મુદ્રા કહેવાય છે. ચૈત્યવંદન પછી જંકિંચિ સૂત્રની છેલ્લી લીટી બોલીએ ત્યારે (બે હાથ જોડી જમીન પર અડાડી માથુ નમાવું) નમુત્થુણં પૂર્ણ બોલ્યા બાદ મુકતા સુકિત મુદ્રાએ જાવંતિ ચેઈ આઇ તથા જાવંત કેવિ સાહુ સૂત્ર બોલવું. ત્યારબાદ નમોડર્હંત-સિદ્ધાચાર્યો-પાધ્યાય સર્વ સાધુભ્યઃ ।। બોલી મધૂર સ્વરે સ્તવન બોલવું.

ત્યાર બાદ **મુકતા શુક્તિ મુદ્રાએ જયવિયરાય** સૂત્ર બોલવું બે હાય ઉપર લલાટ પાસે લઈ જવા, અને **સુહ ગુરુ જોગો તવ્વયણ-સેવણા આ ભવ મખંડા ।।** અહીં જોડેલા હાથ નીચે કરી યોગ મુદ્રાએ બાકીનું સૂત્ર

બોલવું. **જૈનં જયતિ શાસનમ્** પૂર્ણ થયા બાદ ઉભા થઇ યોગ મુદ્રાએ નીચે મુજબ બોલવું.

**અરિહંત ચેઈઆણં પૂર્ણ** પછી **અન્ન ત્થ પૂર્ણ** ત્યાર બાદ **૧ નવકારનો કાયોત્સર્ગ** કરવો. ત્યારબાદ **નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ** (બોલી કોઇ-પણ થોયની ૧ ગાથા બોલવી.) ત્યારબાદ ખમાસમણું દઈ અવિધિ આશાતના થઈ હોય તો **'મિચ્છામિ દુક્કડમ્'** (ક્ષમા માંગુ છું બોલી પચ્ચક્ખાણ લેવું. ગુરુ મ. સા. હોય તો ગુરુ મ. સા. પાસે અથવા પોતાની જાતે લેવું.

નિરંતર ભાવના ભાવવી હે પ્રભો ? દેવ ગુરુ અને ધર્મની કૃપાથી હું પાંચે ઈન્દ્રિયોના વિષયો અને ક્રોધ આદિ કષાયો (દુર્ગુણો)નો દોષોનો નાશ કરી આત્મીય ગુણોને પ્રાપ્ત કરી જલદી તારા જેવો બનું.

પ્રભુને પુંઠ ન પડે તે રીતે જિન મંદિરમાંથી ઘંટ વગાડી બહાર નીકળવું.

દરેક સૂત્રો બોલતી વખતે મુદ્રા જાળવવાની છે.

(૧) યોગમુદ્રા :– બે કોણી પેટ પર રાખી, બે હથેળી (પંજો) એવી રીતે સહેજ પોલી જોડવી કે એક આંગળીના ટેરવાની પાછળ સામા હાથની આંગળીનું ટેરવું આવે, જેથી બે હાથના ટેરવા ક્રમસર ઉલટ સુલટ ગોઠવાઈ જાય.

(૨) મુકતા સુકિત મુદ્રા :- હથેળીના ટેરવા સામ સામા આવે તથા વચમાં હથેળી મોતીની છીપની જેમ પોલી રહે તે રીતે જોડેલી હથેળી કપાળ પાસે અડેલી રાખવી,

(૩) કાઉસ્સગ મુદ્રા :- બે પગની વચ્ચે આગળના ભાગમાં ચાર આંગળા અને પાછળ કંઈક ઓછુ અંતર તે રીતે ઉભા રહેવું. દેહ અને આત્મા ભિન્ન છે. તેવી ભાવના ભાવવી.

૦ દહેરાસરની જમણી બાજુના દરવાજેથી પુરૂષોએ તથા ડાબી બાજુના દરવાજેથી બ્હેનોએ પ્રવેશ કરવો. દહેરાસરના આગળના પહેલા પગથિયા ઉપર જમણો જ પગ મૂકીને ચઢવું." શ્રાધ્ધવિધિ"

૦ જિનમંદિરમાં પ્રદક્ષિણા આપતી વખતે સમવસરણની કલ્પના કરવી.

૦ વાળાકુંચી પ્રભુ ઉપર વારંવાર ઘસવાથી તેમજ ભાર દઇને ઘસવાથી ભગવાનના અંગોપાંગ ઘસાય. થોડા સમયમાં પ્રતિમા બેહુદી બની જાય ધાતુની પ્રતિમાની ઉપર બહુ પાતળુ સુવર્ણાદિનું પડ હોય છે. પ્રતિમા ઉપસાવેલી હોય છે. તેથી તે જલદી કાળી પડી જાય. અંગોપાંગ ઘસાય માટે વાળાકુંચીના બદલે ભીના પોતાથી જરા છબછબીયા કરવાથી સહેલાઇથી કાર્ય થઇ શકે.

- પ્રભુ ઉપર અભિષેક કરતાં વિચારવું. પ્રભુ હવે મારા ઉપરથી મોહની આજ્ઞાને ઉઠાડી આપની આજ્ઞા હૃદયમાં સ્થાપન કરો જેથી મારી સ્વભાવદશા પ્રાપ્ત થાય.
- સુખડ ઘસતા વિચારવું. સુખડ પોતે ઘસાઈ બીજાને ઠંડક આપે છે. એવું ચિંતન કરવું. હે નાથ ! સ્વયં દુઃખ વેઠીને જગતને સાચા સુખનો રાહ બતાવનાર, ચંદન પૂજા વડે મારામાં સદાચાર, સૌમ્યવાણી, વિચાર વર્તનની શીતળતા પ્રગટો.
- પુષ્પ પૂજામાં ચિંતવવું કે ! પ્રભુ ! આપને હું પુષ્પ અર્પણ કરૂં છું. તેના પ્રભાવે મને સારૂં મન, સુકૃતોનું સૌંદર્ય અને સદ્ગુણોની સુવાસ મળો.
- ધૂપ પૂજામા ચિંતવવું કે "ધૂપ જેમ અશુભ પુદ્ગલોને દુર કરી, સુવાસ ફેલાવી ઉંચે જાય છે તેમ હે પ્રભુ ! મારા આત્મામાંથી મિથ્યાત્વની દુર્ગંધ–ખોટી વિચારણા દુર થાવ. સમ્યકતત્વ સાચી સમજણ પેદા થાવ. પાપોના ત્યાગ કરવા માટે વ્રત-નિયમ–પ્રતિજ્ઞાની સુવાસ પ્રગટો જે દ્વારા હું ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરૂં.
- દીપક પૂજા :– અજ્ઞાનને કારણે હું અનંતકાળ ખોટા રાહે ચાલ્યો હવે સમ્યગ જ્ઞાનના એવા દિપકો મારા આત્મામાં પ્રગટે કે મારો સર્વ અંધકાર દુર થઇ ત્રૈલોકય દિપક– કેવળજ્ઞાનને પ્રાપ્ત કરૂં.

- અક્ષત પૂજા :– ચોખા વાવ્યા પછી ઉગતાં નથી. તેમ અક્ષત પૂજા દ્વારા હે પ્રભુ મારે ફરી ૧૪ રાજલોકમાં ક્યાંય જન્મવું ન પડે.
- નૈવેદ્ય પૂજા :– ખા ખા ની ભુતાવળે અને લાલસાએ મને ખુબ રખડાવ્યો. મારી ખાવાની લંપટતા દુર થાવ.
- ફળ પૂજા :– "ફળ જેમ બી ની અંતિમ અવસ્થા છે. તેમ હે પ્રભુ આ ભકિતના બીજથી મને મોક્ષ રૂપી ફળ મળો."

## પ્રભુના નવ અંગે તિલક કરતાં ભાવવાની ભાવના

- અંગુઠે પૂજા કરતાં– આ તે પ્રભુના ચરણ છે જેને દેશ વિદેશ વિચરી દેશનાની અમૃતધારા વહેવડાવી. ભવ્યાત્માઓના હૃદયમાં વિનયગુણ સંચાર કરી ઘોર પાપીઓને પરમપદની પ્રાપ્તિ કરાવી છે પ્રભુ આપના જેવી ઉપાસના-નિર્વિકારિતા-નિર્મોહિતા મને પ્રાપ્ત થાવ.
- જાનુ (ઢીંચણે) તિલક કરતાં– પ્રભુ ! આપે ઉભા ઉભા સાધનાના શિખરો સર કરી આત્મ કલ્યાણ કર્યું. તેવી શકિત મને મળો.
- કાંડા પર તિલક કરતાં– પ્રભુ ! આપે રાજ્યકુળ ત્યજી બાર બાર મહિના સુધી દાન કરી વિશ્વમાં દાન ધર્મની સરિતા વહાવી અને કેવળજ્ઞાન બાદ ધર્મ શાસન સ્થાપ્યું. પ્રસુ મારામાં પણ દાનની ભાવના પ્રબળ બનો.

○ ખભા ઉપર તિલક કરતાં– "પ્રભુ આપે ખભેથી અભિમાનને દુર કર્યું. જન્મતાં અવધિજ્ઞાની હોવા છતાં સામાન્ય શિક્ષક પાસે આપ વિનયથી ભણવાં બેઠેલાં, જન્મતા મેરૂ પર્વત ડોલાયમાન કરવાની શકિત છતાં ઉપસર્ગ અને પરિષહોની સામે અડોલ રહ્યા. ગોવાળિયા વિગેરેના અપમાન સહન કર્યા. સર્વને તારવાની ભાવનાવાળા હે ભગવન્ ! આપનો જેના ઉપર ઉપકાર થયો છે તે અપકાર કરવા આવ્યા છતાં આપે કરુણા વહાવી છે. આપનું અભિમાન જેમ ગયું તેમ મારુ અભિમાન નાશ પામો.

○ મસ્તકે પૂજા કરતાં: 'પ્રભુ! આત્મ સાધના અને આત્મ ધ્યાનમાં સદાય લયલીન એવા આપે સર્વોચ્ચ એવું મોક્ષપદ મેળવ્યું તેવું ધ્યાન–ચિંતન–અને પરમપદ મને મળો.

○ લલાટે તિલક કરતી વખતે ચિંતવવું હે પ્રભુ ! આપ ત્રણ લોકની લક્ષ્મીના તિલક સમાન છો. મને એવું બળ મળો કે લલાટના લખેલ લેખ મિથ્યા કરવા દોરા–ધાગા –મંત્ર–તંત્રના પ્રલોભનોમાં ન અટવાઉં પણ દુઃખ કે સુખમાં સમભાવી રહું.

○ કંઠે તિલક કરતાં ભાવના ભાવવી આ એ પ્રભુના કંઠ છે. જે વાણીમાંથી સાધુ–સાધ્વી–શ્રાવક શ્રાવિકાનો ચતુર્વિધ સંઘ સ્થપાયો છે. વિશ્વમાં પ્રધાન ધર્મશાસન

સ્થપાયું છે. દાન–શીલ–તપ–ભાવરૂપ ધર્મનો ફેલાવો થયો છે. મારી વાણીમાં એવી શક્તિ પ્રગટો જેનાથી સૌનું સાચું હિત થાય.

- હૃદયે તિલક કરતાં તે ભાવના ભાવવી આ પ્રભુએ રાગ–દ્વેષને બાળી ઉપશમની ગંગા વહાવડાવી છે. મૈત્રી–પ્રમોદ–કરુણા–માધ્યસ્થતાનો શુભ–શુદ્ધ–અને અખંડ માર્ગ વિશ્વમાં વહેતો મૂકયો છે. તેવી નિસ્પૃહતા, પ્રેમ–કરુણા–મૈત્રી તથા વીતરાગ દશા મને પ્રાપ્ત થાવ.

- નાભિતિલક કરતા ચિંતવવું કે નાભિ એ શરીરનો મધ્ય ભાગ છે. આત્માના મધ્ય ભાગે ૮ રૂચક પ્રદેશો તદ્દન નિર્મળ છે. તેમ મારા સર્વ આત્મ પ્રદેશો નિર્મળ બનો.

- ચામર વીંઝતા વિચારવું કે 'જેમ આ ચામર પ્રભુને નીચે નમીને ઉપર જાય છે તેમ હે પ્રભુ ? આપને નમ્ર ભાવે વંદન કરતાં મારી ઉર્ધ્વગતિ થાવો.

- પ્રભુની સ્તવના કરતી વખતે પ્રાચિન, ગીતાર્થ મહાપુરુષોએ રચેલ ગંભીર પ્રભુના વિશેષ ગુણો કે આત્મનીંદા ગર્ભિત હોય તેવા બોલવાં ફીલ્મી રાગો ઉપરના તેમજ તેમાં થોડાં ફેરફાર વાળા પણ સ્તવનો ન બોલવા.

**ચૈત્યવંદન :–**

અસાધ્ય રોગી જેમ ડોક્ટર કે વૈદ્ય પાસે, પોતાને નિરોગી કરવા આંખમાં આંસુ લાવી વિનવે છે. તેમ ભગ-

વાનની ભકિત ગદ્ ગદ્ કંઠે કરવાની છે. તેનાથી સદ્ગુણોનું વાવેતર થાય છે. અઢળક કર્મોનો નાશ થાય છે.

- સકળ કુશળ વલ્લીનો અર્થ: સર્વનું કલ્યાણ કરવાં માટે, પાપ રૂપ અંધકારનો નાશ કરવા, સંસાર સાગર તરવા વહાણ સમાન તથા આત્મ સંપત્તિને મેળવી આપનાર શ્રી શાંતિનાથ ભગવાન અમારાં (મોક્ષ) માટે થાવો.

- "જંકિંચિ"માં :– ત્રણ લોકમાં રહેલી શાશ્વતી અશાશ્વતી પ્રતિમાઓને ભાવ ભરી વંદના થાય છે.

- "નમુત્થુણં" ત્રણે કાળના સર્વ તીર્થંકર પરમાત્માને વંદના જેઓ (દેવો–મનુષ્યો વિગેરેથી) પૂજાએલા છે. ઉત્કૃષ્ટ પુણ્ય વાળા, ધર્મતીર્થના સ્થાપક સ્વયંબોધ પામેલાં, પુરુષોમાં ઉત્તમસિંહ જેવાં, દુઃખનું મૂળ કર્મનો નાશ કરનાર, ધર્મ માર્ગના સ્થાપનારા સ્વયંતરી ગયેલા અને સર્વને તરવાનો માર્ગ બતાવનારા ભગવાનને વંદના થાય છે.

- જાવંતિ સૂત્રમાં : ત્રણ લોકમાં રહેલા શાશ્વતા અશાશ્વતા જિન્ન બિંબોને ભાવથી વંદના થાય છે.

- જાવંત કે વિસાહુમાં ભરત, ઐરવત અને મહાવિદેહમાં રહેલાં સર્વપાપોનો ત્યાગ કરનાર અને સદાય દર્શન–જ્ઞાન–ચરિત્રની આરાધનામાં રત એવાં સાધુ ભગવંતોને વંદના થાય છે.

- 'નિમોડહંત' ત્રણે કાળમાં થઇ ગયેલાં અરિહંતો સિદ્ધો આચાર્યો ઉપાધ્યાયો અને સાધુ સાધ્વી ભગવંતોનું સ્મરણ થાય છે.
- જયવિયરાયમાં :– માંગણી છે પ્રભુ તારા પ્રભાવથી મને સંસાર ઉપર વૈરાગ્ય પ્રગટો, તારા પ્રકાશેલા તત્વો ઉપર અપાર શ્રદ્ધા પ્રગટો. લોકમાં વિરૂદ્ધ એવા કાર્યો (તમામ પ્રકારના વ્યસનો)નો ત્યાગ, ગુરુવર્ગ, વડિલ વર્ગ, (માતા–પિતાદિ)ની પૂજા પરાર્થવૃત્તિ, સુગુરૂની પ્રાપ્તિ આજીવન તેમની આજ્ઞાનું પાલન, સર્વ કર્મોનો નાશ, સમાધિ મરણ ભવાંતરમાં તારૂ શાસન સુદેવ–સુગુરુ સુધર્મની પ્રાપ્તિ થાવ.
- "અરિહંત ચેઈઆણં" નજીકમાં જ્યાં જ્યાં અરિહંત પરમાત્માઓની સર્વ ભાવિકોથી કરાતી ભકિત સત્કાર વંદન-પૂજન–સન્માન આદિ ભકિતની ભાવભર્યા હૈયાથી અનુમોદના. આ ત્યારે જ બને જ્યારે શાસનનો અવિહડ રાગ શ્રદ્ધા પેદા થાય. અપાર ધીરજ અને સદ્‌ગુરૂ પાસે તત્વોનો અભ્યાસ થાય.
- 'અન્નત્થમાં :– કાયોત્સર્ગ કરતાં, શરીરમાં સ્વાભાવિક જે ક્રિયાઓ બની જવા સંભવના છે જેવી કે શ્વાસોચ્છ્વાસ આંખ વગેરેના સૂક્ષ્મ, હલન ચલન, વાયુ સંચાર (વગેરેની છુટ રાખેલી છે.
- કાયોત્સર્ગ :– અગણિત અશુભ કર્મોનો નાશ કરનાર છે સદ્‌બુદ્ધિને ઉત્પન્ન કરનાર છે, આત્મિક શકિત

અને પૂણ્યને વધારનાર છે. આવનારા પ્રબળ વિઘ્નોને દુર કરનાર છે. કાયાની મમતા અને માયાને છોડાવનાર છે.

- રાવણુ જેવો મહારાજવી અષ્ટાપદ્દા તીર્થ ઉપર જિનભકિતમાં વીણા વગાડતો અને મંદોદરી નૃત્ય કરતી પ્રભુભકિતમાં એકતાન થયેલાં, વીણાનો તાર તુટતાં, વિદ્યાધર રાવણે નસ જોડી ઉત્કૃષ્ટ ભાવભીની ભકિત કરી ભકિતને અખંડ રાખી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હતું. જિનભકિતથી ચિત્તમાં પ્રસન્નતા વધે છે. એકાગ્રતા વધે છે. અશુભ કર્મોનો નાશ થાય છે. પુણ્ય કર્મની વૃદ્ધિ થાય છે.
- વાસક્ષેપ પૂજા કરતી વખતે :- અંગુઠો અને પુજા કરવાની આંગળી ભેગી કરી પ્રભુજીના અંગે તથા આસપાસ કરવાથી થાય.
- અષ્ટમંગલની પાટલી માંગલિક રૂપે પ્રભુ સન્મુખ રખાય છે. તેની પુજા થાય નહિ, તેને આલેખવા (ચિતરવા)ના હોય છે.
- પૂજાના વસ્ત્રો જલ્દીથી બદલી નાખવા જોઈએ. પૂજાના કપડે પસીનો, શ્લેષ્મ (શેડા) વિગેરે લુંછવા નહિ.
- કપાળની જેમ ગળે, હૃદયે, નાભિએ, કાને તિલક કરવાની પ્રચિન પરંપરા છે. ઘીના દીવાઓ ફાનસમાં કે ઢાંકણુમાં ઢાંકીને રાખવા.

- ગંભિર બાબત :— વર્તમાનમાં મોટે ભાગે ગામડામાંથી શહેરોમાં અને શહેરોમાંથી સોસાયટીમાં જૈનો વસવા લાગ્યા છે. પોતાનું જુનું મકાન છોડતી વખતે શક્ય હોય તો થોડો લોભ જતો કરીને પણ જૈનોને અપાય તો આપવું. આમ થવાથી જિનમંદિરની જાળવણી– સંસ્કારો વગેરે ટકી રહેશે. આ એક પ્રકારની સાધર્મિક ભકિત છે.

- શ્રી જિનમંદિર અને જિનમૂર્તિ કોણે કેટલા ભરાવ્યા ? તથાં કોણે પુંજી તેનું ભાવવાહી સ્તવન સૌએ મોઢે કરવા જેવું છે.

ભરતાદિકે ઉધ્ધાર જ કીધો, શત્રુંજય મોઝાર;
સોના તણાં જેણે દેહરાં કરાવ્યાં, રત્ન તણા લિંબસ્થાપ્યા
હો કુમતિ ! કાં પ્રતિમા ઉત્થાપીએ,
જિન વચને થાપી હો કુમતિ ! ૧

વીર પછી બસો નેવું વરસ, સંપ્રતિરાય સુજાણ,
સવા લાખ પ્રાસાદ કરાવ્યા,
સવા ક્રોડ બિંબ સ્થાપ્યા. હો કુમતિ ! ૨

દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી, સુત્રમાં સાખ ઠરાણી,
છટ્ટે અંગે તે વીર ભાખ્યું,
ગણધર પુરે સાખી હો કુમતિ ! ૩

સંવત નવસે ત્રાણું વરસે, વિમલ મંત્રીશ્વર જેહ;
આબુ તણાં જેણે દેહરા કરાવ્યાં,
છ હજાર બિંબ સ્થાપ્યા. હો કુમતિ ! ૪

સંવત અગીયાર નવાણું વરસે, રાજા કુમારપાળ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા,
સાત હજાર બિંબ સ્થાપ્યા. હો કુમતિ ! ૫

સંવત બાર પંચાણું વરસે, વસ્તુપાળ તેજપાળ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા,
અગ્યાર હજાર બિંબ સ્થાપ્યા. હો કુમતિ ! ૬

સંવત બાર બહોંતેર વરસે, સંઘવી ધન્નો જેહ;
રાણકપુરમાં જેણે દેહરાં કરાવ્યાં,
કોડનવાણું દ્રવ્ય ખરચ્યા. હો કુમતિ ! ૭

સંવત તેર એકોતેર વરસે, સમરો સારંગ શેઠ;
ઉધ્ધાર પન્નરમો શેત્રુંજે કીધો,
અગ્યાર લાખ દ્રવ્ય ખરચ્યા. હો કુમતિ ! ૮

સવંત સોળ બહોતેર વરસે, બાદશાહને વારે;
ઉધ્ધાર સોળમો શેત્રુંજે કીધો,
કરમા શાહે જશ લીધો. હો કુમતિ ! ૯

એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજે ત્રિવિધ તુમે પ્રાણી,
જિન પ્રતિમામાં સંદેહ ન રાખો,
વાજક જશની વાણી. હો કુમતિ ! ૧૦

**રચયિતા :-** મહાન શાસન પ્રભાવક, મહોપાધ્યાયતાર્કિક
શિરોમણી :- પ. પૂ. **યશોવિજયજી મહારાજ.**

પરમ તારક દેવાધિદેવને નવ અંગે સાચા ભાવથી પૂજા કરવા નીચે મુજબના પૂજાના દુહા હૃદયમાંથી ઝીલવા જોઈએ. જેથી પૂજા કરનારનાં રોમેરોમ ખડા થઇ પ્રભુ સાથે એકાકાર થઈ ભકિત દ્વારા મુકિત સહજ બને છે. આપણા દરેકનું આ જ અંતિમ ધ્યેય હોવું જોઇએ.

**૧. અંગુઠે :-**

જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત,
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત.

**૨. ઢીંચણે :-**

જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ,
ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ.

**૩. કાંડે :-**

લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન,
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન.

**૪. ખભે :-**

માન ગયું હોય અંશથી, દેખી વીર્ય અનંત,
ભુજા બળે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત,

**૫. મસ્તકે :-**

સિદ્ધ શિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત,
વસીયા તેણે કારણ, ભવી શિર શિખા પૂજંત.

૬. કપાળે :-

તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત,
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત.

૭. કંઠે :-

સોળ પ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ,
મધુર ધ્વની સુરનર સુણે, તિણુગળે તિલક અમૂલ.

૮. હૃદયે :-

હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગન રોષ,
હિમદહે વનખંડને, હૃદય તિલક સંતોષ.

૯. નાભી :-

રત્નત્રયે ગુણ ઉજળી, સકળ સુગુણ વિશ્રામ,
નાભિ કમળની પૂજના, કરતા અવિચલ ધામ.

## પ્રદક્ષિણાના દુહા

કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણુનો નહીં પાર
તે ભ્રમણા નિવારવા પ્રદક્ષિણા દઉં ત્રણુવાર ૧

ભમતીમાં ભમતા થકાં, ભવ ભાવઠ દૂર પલાય,
દર્શન જ્ઞાન ચારિત્ર રુપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય ૨

જનમ મરણાદિભય ટળે, સીઝે જો દર્શન કાજ,
રત્નત્રય પ્રાપ્તી ભણી, દર્શન કરો જિનરાજ. ૩

-૦-

# જિન પૂજાની કથા
# તથા મહત્તા
## અનુપમા દેવી

સંપાદક :- તપસ્વી મુનિ શ્રી અકલંકવિજયજી

પૂજાથી પ્રાણી પૂજનિક બને છે. પૂજા સર્વ અર્થને સાધનારી છે. જે માણુસ વિધિ સહિત જિન પૂજા કરે છે તે ત્રીજે ભવે મોક્ષે જાય છે, ભારે કર્મી હોય તો સાત આઠ ભવે તો જરૂર મોક્ષે જાય છે.

ત્રિકાળ પૂજા કરનાર માણુસ પોતાનું સમ્યકત્વ નિર્મળ કરે છે. અને શ્રેણીકની પેઠે તીર્થંકર નામ ગોત્રને બાંધે છે. પ્રભાતે વાસક્ષેપથી, મધ્યાન્હે પુષ્પોથી અને સંધ્યાયે ધૂપ-દીપથી જિનપૂજા કરવી. સુકાં, પૃથ્વી પર પાડેલાં, તુટેલી પાંખડીવાળાં, તુચ્છ, અને નહિ ખીલેલાં એવાં પુષ્પોથી દેવપૂજા કરવી નહિ. જિનેશ્વરની પુષ્પાદિકથી પૂજા, તેમની આજ્ઞાપાલન, તેમના દ્રવ્યનું રક્ષણ, તેમનો ઉત્સવ અને તેમની તીર્થની યાત્રા એ રીતે પાંચ પ્રકારે જિનભકિત થાય છે.

ચંપક, માલતી, કમળ, મોગરો, ગુલાબ, આદિ ઉત્તમ પુષ્પો તેમજ મોતીઓના હાર, સુવર્ણના છત્ર મુકુટ કુંડલ

આહ્નિક જિનપુજા માટે જાણી લેવાં પુષ્પો અડધા પહોરમાં કરમાઈ જાય છે. વિલેપન બીજે દિવસે ગંધરહિત થાય છે, મનોહર વસ્ત્રો ઘણે વર્ષે જીર્ણ થાય છે. પરંતુ રત્નના આભુષણોથી કરેલી પુજા સેંકડો યુગોમાં પણ જીર્ણ થતી નથી, વસ્તુપાળ મંત્રી સાત લાખ મનુષ્યો સહિત ગિરનાર પર યાત્રા કરવા ગયા હતા, ત્યારે અનુંપમા દેવીએ બત્રીસ લાખ સોનામહોરોની કિંમતના આભુષણોથી શ્રી નેમીનાથની પુજા કરી હતી. તેજપાળે પણ તેટલા આભૂષણોથી પુજા કરી હતી.

શત્રુંજય પર અનુપમાદેવીએ ઉપર મુજબના આભૂષણોથી ઋષભદેવની પુજા કરી હતી. તેની દેરાણી લલીતાદેવીએ પણ તેટલા આભૂષણોથી અને તેની શોભના નામે દાસીએ એક લાખ સોનામહોરના આભૂષણોથી પુજા કરી હતી. દેવગિરિના રહેવાસી ધાઈદેવ નામના શ્રાવકે મોતી, પ્રવાળ; હીરામાણેક ને સુવર્ણના પુષ્પોથી ઋષભદેવ પ્રભુની પુજા કરી હતી, આંગી નવલાખ ચંપાના પુષ્પોથી રચી હતી.

જિનની આણા તેજ તપ સંયમ તથા દાન છે. આણા વિનાનો ધર્મ નિરર્થક છે. આણાનું ખંડન કરનાર માણસ મોટી ઋદ્ધિથી પુજા કરે તો તેનું સર્વ કાર્ય નિરર્થક થાય છે.

દેવદ્રવ્યનું રક્ષણ કરવું દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી તે પણ જિનપુજા છે, દેવદ્રવ્યને વધારતો જીવ તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે અને દેવદ્રવ્યનું ભક્ષણ કરનારો જીવ અનંત સંસારી થાય છે. દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર અને પરસ્ત્રી કરનાર પ્રાણી સાતવાર સાતમી નરકે જાય છે.

અઠ્ઠાઈ મહોત્સવ પર્યૂષણમાં કલ્પસૂત્રનું તથા પ્રભાવનાદિકથી ઉત્તમ કાર્યો શાસનની ઉન્નતીરૂપ હોવાથી જિનભકિત અષ્ટાપદ ઉપર રાવણે જિનભકિતથી તીર્થંકર ગોત્ર કર્મ બાંધ્યું હતું. અંગપુજા અગ્રપુજા અને ભાવપુજા એમ ત્રણ પ્રકારે પુજા કરાય છે. જળ ચંદન પુષ્પાદિકથી અંગપુજા થાય છે, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, ફળથી અગ્રપુજા થાય છે, અને સ્તુતિ, નૃત્યગીત આદીથી ભાવપુજા થાય છે. જળપુજા ચાર પ્રકારે થાય છે, કર્પૂરના જળથી, પુષ્પોના જળથી, કેસરના જળથી અને સામાન્ય જળથી પુષ્પ પુજા કમળ ચંપકમાલતી આદિ સુગંધી પુષ્પોથી હાર ગુંથીને અગર છુટા પૂષ્પો ચઢાવીને પણ થાય છે, આભૂષણ પુજા, મુકુટ, કુંડલ, હાર વગેરેથી થાય છે અષ્ટપ્રકારી પુજાની સામગ્રી ન મળે તો અક્ષત તે દીપકપુજા તો અવશ્ય કરવી. અક્ષતપુજાથી અક્ષય સુખ મળે છે, દીપક પુજાથી સર્વ પ્રકારના વિઘ્નોનો ઉપદ્રવો નાશ પામે છે. કુમારપાળે પુર્વભવમાં પાંચ કોડીની કિંમતના અઢાર પુષ્પોથી પુજા કરી તો અઢાર દેશના રાજા થયાં, બહોતેર રાજાના ઉપરી બન્યા. ચૌદસો નવા જિનમંદિર કરાવ્યા. સાતે વ્યસનો કઢાવ્યાં, અઢારે દેશમાં અમારી પડહ વજડાવ્યો.

# દીપકપૂજા પર સ્વયંભુ પુજારીની કથા

મણીઆરપુરમાં સૂર્યના મંદિરનો સ્વયંભુ નામે પુજારી કાર્ય પ્રસંગે ઘાંચીને ઘેર જઈ તેલ લાવીને જિનમંદિરમાં

ગયો. ત્યાં તેણે ગભારામાં વસ્ત્રાભૂષણથી શોભતી જિનપ્રતિમા જોઇ બહુ હર્ષ પામ્યો તે પ્રતિમાની આગળ દીપક કર્યો. પુર્વે ઘણા દેવો પાસે દીપક કર્યો છે પણ આના જેવું તેજ કયાંઇ જોવામાં આવ્યું નથી એમ વિચારતાં તેણે મનુષ્યભાવનું આયુષ્ય બાંધ્યું. કાળક્રમે મરીને વીત્તશોકાનગરીમાં તેજસાર નામે રાજા થયો. છેવટે પોતાના પુત્ર મણીરથને રાજ્ય સોંપી કેવળી ભગવાન પાસે દીક્ષા લઈ કાળ કરી વિજય વિમાનમાં દેવ થયો ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવ પામી મોક્ષે જશે.

ઇન્દ્રપુર નગરમાં દેવસેન નામે શેઠ રહેતો હતો બીજો ધનસેન નામે શેઠ ઉંટોનો વ્યાપારી વસતો હતો. તેને ઘેર રહેલી ઉંટડીઓમાંની એક ઉંટડી હંમેશા દેવસેનને ઘેર આવતી હતી. ધનસેન તે ઉંટડીને મારે તો પણ તે દેવસેનનું ઘર છોડતી નહિ. આથી દેવસેને તે ઉંટડીને વેચાતી લીધી. એકદા તે નગરમાં ધર્મઘોષ આચાર્ય પધારતાં ગુરૂને દેવસેને પુછ્યું કે આ ઉંટડી મારૂં ઘર છોડી બીજે જતી નથી તેનું શું કારણ ? ગુરૂએ જ્ઞાનથી જોઇને કહ્યું કે પૂર્વ ભવે તે તમારી માતા હતી. તે હંમેશા જિનેશ્વરની આગળ દીપક કરીને તે જ દીપકથી પોતાના ઘરના કાર્યો કરતી હતી તે દીપકમાં કાકડી સળગાવી ચુલો સંધુકતી હતી તે કર્મની આલોચના નહી લેવાથી તે ઉંટડી થઈ છે. પુર્વભવના સ્નેહથી તારૂં ઘર છોડતી નથી દેવ સંબંધી નિર્માલ્ય વસ્તુ પણ ગ્રહણ કરવી નહી તેમ દેવદ્રવ્ય વ્યાજે રાખવું નહિ.

# જિનપુજા કરતાં સાત પ્રકારની શુદ્ધિ સાચવવી જોઈએ.

અંગ વસન મન ભુમિકા પુજો પકરણ સાર,
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા શુદ્ધિ સાત પ્રકાર. ૧

પ્રથમ તો શરીર સ્વચ્છ જોઈએ તે સાથે વસ્ત્ર પણ ચોકખા હોય, પુજાનાં ઉપકરણ સ્વચ્છ જોઇએ, જગ્યા વાળી ઝુડીને સાફ કરવી. વિધિ અનુક્રમ સાચવવો જોઇએ, ધન ન્યાયથી પેદા કરેલું હોવું જોઈએ. આ સર્વ બાહ્ય શુદ્ધિ છે. અને મન પવિત્ર રાખવું તે અંતર શુદ્ધિ છે. મનમાં ઘર વ્યાપાર સ્ત્રી કુટુંબની ચિંતા છોડી દેવી જોઇએ, જિનપુજા વખતે પાપવાળું કાર્ય કરે નહી કરાવે નહી ને અનુમોદે નહી તે ઉપર જિણહા કોટવાળનું દષ્ટાંત કહે છે.

ભીમરાજાએ જિણુહા કોટવાલ પર ખુશ થઈ ધોળકા નગર આપ્યું તે નગરમાં જીણહાની હાકથી કોઇ ચોર લુંટારૂં આવતા ન હતા ત્યાં તેણે કલિકુંડ પાર્શ્વનાથાદિ ચાર જિન મંદિર કરાવ્યા. તેમાં મૌન ધરીને જિનપુજા કરતો હતો. એક દિવસ કોઈ ચારણે તેની પરીક્ષા માટે રાજાનો ઉંટ ચોર્યો પોલીસ તેને બાંધીને જ્યાં જિણહા પુજા કરતો હતો ત્યાં શિક્ષા કરવા લઇ ગયો અને જિણહાને ઉંટ ચોર્યાની વાત કરી, છિણહાએ આંગળીની સંજ્ઞા બતાવી તેનું મસ્તક છેદવાનો હુકમ કર્યો પણ પોલીસ સમજ્યો નહિ એટલે જિણ

હાએ પુષ્પની ડીંટી તોડીને મારવાની સંજ્ઞા કરી ત્યારે ચારણે કહ્યું કે ચારણો કદી ચોરી કરે નહિ તમે જિનપુજામા છો ? પણ જિનની ભકિત તમને ફળી નથી જિનપુજા વખતે મારવાની બુદ્ધિ થાય તો જિનપુજા કરવાનો શું અર્થ છે ? તમારા વખાણ સાંભળી તમારી પરીક્ષા કરવા મેં ઉંટ ચોર્યો હતો.

આ સાંભળી જિણુહાએ મિથ્યા દુષ્કૃત આપી તેને પહેરામણી આપી ખુશ કર્યો. દહેરાસરની દશ મોટી આશાતના છે અને બધી મળીને ચોરાશી આશાતના છે. તે અવશ્ય તજવી જોઇએ. અપવિત્ર પુષ્પની પુજા કરવાથી નીચ ગોત્ર બંધાય છે તે પર દષ્ટાત છે

કામરુપ નગરમાં એક ચંડાળને ત્યાં દાંત સહિત પુત્રનો જન્મ થયો. ભયથી તેનો પિતા નાસી ગયો. અને તેની માતા તેને ઘરની બહાર મુકી આવી. એટલામાં રચવાડી જતા રાજાએ તે બાળકને જોયો તેને યોગ્ય જણાતાં પોતાને ત્યાં લઈ જઇ પાળી પોષીને મોટો કર્યો પોતાને પુત્ર ન હોવાથી તેને રાજ્ય સોંપી રાજાએ દીક્ષા લીધી તે રાજર્ષીને જ્ઞાન ઉત્પન્ન થવાથી પ્રતિબોધ કરવા પોતાના નગરે આવ્યા રાજાને વધામણી મળતાં તે પરિવાર સાથે વંદન કરવા આવ્યો તે વખતે રાજાને જન્મ આપનારી ચંડાલણી પણ ત્યાં આવી હતી રાજાને જોઇ તેણીને હર્ષ થયો. રાજાને પણ તેણીના પર માતૃ સ્નેહ ઉત્પન્ન થયો. રાજાના પુછવાથી રાજર્ષીએ સર્વ હકીકત કહી પછી રાજાએ પુછયું કે હું

પૂર્વ ભવે કોણ હતો અને નીચને ઘેર મારે કેમ અવતરવું પડયું વળી મને રાજ્યની પ્રાપ્તિ શું કારણથી થઈ ? રાજર્ષીએ કહ્યું કે તું પૂર્વભવે ધનાઢય વ્યાપારી હતો.

એક વખત જિનપુજા કરતાં પદ્માસણ પર પડેલાં પુષ્પો તેં પ્રભુને ચઢાવ્યાં તે કર્મની આલોચના નહી કરવાથી તું મૃત્યુ પામી ચંડાળ ને ત્યાં અવતર્યો છું જિન પુજાના પ્રભાવથી તને રાજ્ય મળ્યું તે સાંભળી રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું તેથી દીક્ષા લઇ સ્વર્ગે ગયો ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવ પામી સકળ કર્મ ખપાવી મોક્ષે જશે.

દમયંતીએ વીરમતીના ભવમાં ચોવીસે જિનેશ્વરોની રત્નના તિલકોથી પુજા કરી હતી તેથી તેના લલાટમાં મહા તેજસ્વી તિલક હતું પુષ્પ પુજાથી તીર્થંકર ગોત્ર બંધાય છે તીર્થંકરો પણ પુર્વના તીર્થંકરોની પુજા કરવાથી જ પુજ્ય બન્યા છે.

ધૂપ પુજા પાપોને બાળે છે, દીપક પુજા મૃત્યુનો નાશ કરે છે, નૈવેદ્ય પુજા રાજવૈભવ આપે છે પ્રદક્ષિણા મોક્ષને આપે છે. ફળથી મોક્ષરૂપી ફળ મળે છે જિન પુજા પેથડ-શાની માફક એકાગ્ર મનથી કરવી રાજ્ય કાર્ય અંગે રાજાએ બોલાવ્યો પણ તેણે જવાબ આપ્યો નહિ તેથી રાજા પોતે ત્યાં આવ્યો અને પુષ્પ પુજામાં પેથડ શાહને તલ્લીન જોઈ આશ્ચર્ય પામ્યો પુષ્પ આપનારને સંજ્ઞાથી ઉઠાડી પોતે પુષ્પ આપવા લાગ્યો પણ કયું પુષ્પ કયારે આપવું તેની જાણકારી

ન હોવાથી ભળતું પુષ્પ આપતાં પેથડશાહે પાછળ જોયું તો રાજાને જોઈ ઉભો થઈ ગયો ત્યારે રાજાએ તેને બેસાડી કહ્યું કે હું ફરી કોઇ વખત બોલાવું તો તમો જિનપુજા કરતા હો તો આવવું નહિ એમ કહી પોતાને સ્થાને ગયો જિન પુજાથી રાજા પણ પોતાને વશ થાય છે.

દેવપાળ નામે ગોવાળે જિનપુજા કર્યા વિના ભોજન નહિ કરવાનો નિયમ લીધો નદીમાં પુર આવતાં આઠમે દિવસે પુજા કરીને પારણું કર્યું તેની દઢતાથી શાસનદેવીએ તેને રાજ્ય આપ્યું જે લોકો તેની આજ્ઞા માનતા ન હતા તેને બાંધીને શાસન દેવીએ તેના વશ કર્યા.

## ભીલ ભીલડીનું દષ્ટાંત

એક વખત જૈન મુનિના ઉપદેશથી ભીલડીએ જિનપુજાનો નિયમ લીધો તેને જિન પુજા કરતી જોઇ ભીલે કહ્યું કે આ તો વાણીયાના દેવ છે તેને પુજવાથી કંઇ લાભ નહી પણ ભીલડીએ માન્યું નહિ અંતે તે મરીને રાજપુત્રી થઈ એક દિવસ ગોખમાં બેઠેલી તેણીએ પુર્વભવના પતિ ભીલને જોઇ જાતિસ્મરણ જ્ઞાન થયું તેથી ભીલને બોલાવી કહ્યું કે તું મને ઓળખે છે ? હું તારી પુર્વભવની સ્ત્રી જિનપુજા કરવાથી રાજપુત્રી થઈ છું તારે સુખી થવું હોય તો જિનપુજા કરવાનો નિયમ લે તેના કહેવાથી ભીલ જિન પુજા કરી સુખી થયો.

## નિઃશંક પણે જિનપુજા કરવી તે ઉપર
## નંદક ભદ્રકની કથા

કોઇ એક નગરમાં નંદક અને ભદ્રક નામે બે વ્યાપારી રહેતા હતા બંનેની દુકાનો સામ સામે આવેલી હતી નંદક પ્રભાતે જિનપૂજા કરવા જિનાલયમાં જતો ત્યારે ભદ્રક વિચાર કરતો હતો કે ધન્ય છે નંદન ને ? તે સવારમાં બીજુ બધું કામ છોડીને નિત્ય જિન પુજા કરે છે અને હું મહાપાપી જીવ સવારમાં ઉઠીને પામર લોકોના મુખ જોઉ છુ. મારા જીવતરને ધિક્કાર છે. એમ પોતાની નિંદા અને નંદકની સ્તુતિ કરતો હતો. નંદક હંમેશા એવું વિચારતો હતો. કે ભદ્રક ગ્રાહકો પાસેથી ઘણું ધન મારી ગેર–હાજરીમાં કમાઇ જાય છે. પણ શું કરૂં ? મેં પુર્વે મૂર્ખપણાથી દેવપુજાનો અભિગ્રહ લીધો, એટલે હવે દ્રવ્ય પણ પેદા થઈ શકતું નથી કેણ જાણે દેવપુજાનું ફળ કયારે મળશે ? આના કરતાં તો દેવપુજા મુકી દેવી સારી જેથી તાત્કાલીક દ્રવ્ય મળે. આવા કુવિકલ્પથી તે દેવપુજા કરવાનું પુણ્ય હારી ગયો.

## જિનપુજા ઉપર સુંદરકુમારની કથા

જયંતીનગરીમાં નરસીંહ રાજા રાજય કરતો હતો તે નગરમાં કમળ નામે શેઠને સુંદર નામે પુત્ર વિનયાદિ ગુણ ને રૂપ લાવણ્યથી યુકત હતો. રાજા અપુત્રીઓ હોવાથી સુંદરને પુત્ર તરીકે રાખ્યો.

એક દિવસ તે નગરમાં શ્રીપાલ નામે કોટી ધ્વજ વ્યાપારી છત્રીસ જાતનાં કરીઆણાં લઇ વ્યાપાર કરવા આવ્યો તેણે રાજાને રત્નમોતી પ્રવાળનો થાળ ભરી ઉપર દિવ્ય સુગંધી વાળુ હજાર પાંખડીનું કમળ મુકી ભેટણું કર્યું. કમળની સુગંધીથી સર્વપ્રજા ખુશ થઇ. રાજાએ તે કમળ સુંદર કુમારને આપ્યું. સુંદરે વિચાર કર્યો કે આવું સુંદર કમળ જિનેશ્વરના મુકુટપર મુકું તો મારો જન્મ સફળ થાય તેમ વિચારી જિન મંદિરમાં આવી પ્રતિમાના મુકુટ પર તે કમળ ચઢાવ્યું. તે વખતે દર્શન કરવા વ્યાપારીની ચાર પુત્રીઓ આવી હતી. તે કમળ જોઇ સુંદરની અનુમોદના કરવા લાગી અનુક્રમે તે ચારે કન્યાઓને સુંદર પરણ્યો તે પાંચે જણા કાળ કરી મહા ઋદ્ધિવાળા દેવો થયા. ત્યાંથી ચ્યવી એક મોટા વ્યાપ.રીના પુત્રો થયા. ત્યાં જિનપુજા જોઇ તેમને જાતિ સ્મરણ જ્ઞાન થયું એટલે દીક્ષા લઇ કેવળજ્ઞાન પામી પાંચે જણા મોક્ષે ગયા.

અર્બુદાચળના પરમાર વંશના રાજા પાલણે એક પિત્તળની પ્રતિમા ગળાવી નાખી તેના પાપથી તેને ગલત્કોઢનો રોગ થયો. તેનું રાજ્ય તેના ગોત્રીઓએ લઇ લીધું પુણ્ય યોગ ગુરૂનો યોગ થતાં તેણે પાપની આલોચના કરી પ્રાયશ્ચિત માંગ્યું. ગુરૂએ જિનમંદિર કરાવવાનો ઉપદેશ આપ્યો. તેણે પાલણપુર નગર વસાવી પાર્શ્વનાથનું સુંદર જિનમંદિર કરાવ્યું.

# દેવપાલની કથા

વારાણુશી નગરીમાં દેવપાળ નામે વ્યાપારી રહેતો હતો તેણે લક્ષ્મીની ચંચળતા જાણી પોતાનું ધન સાતે ક્ષેત્રોમાં ખરચી નાખ્યું. પોતે કરાવેલા જિન મંદિરમાં તે દરરોજ પુજા કરતો હતો. અનુક્રમે તેના પરિવારમાં રહેલી તેની સ્ત્રી કુલટા વ્યભીચારીણી હોવાથી તે ગામડામાં મહા મુશીબતે આજીવીકા ચલાવતો રહેવા લાગ્યો. તેથી તેણે કરાવેલ જિન મંદિરમાં પુજાદિક કાર્ય કરી શકયો નહિ. તે જોઇ તે મંદિરના અધિષ્ટાયીક દેવે તેના પર ઉપકાર કરવા દૂર દેશમાં રહેતા એવા તેના ભાણેજનું રૂપ કરી તેને ઘેર આવ્યો. અને મામીને પુછવા લાગ્યો કે મામા કયાં છે ? તેણીએ કહ્યું કે "તે ખેતરે ગયા છે" મામાને ખેતરમાં જઇ કહ્યું કે "તમારે આજીવીકા કેમ ચાલે છે" શેઠે પોતાની સર્વ હકીકત જણાવી મધ્યાન્હ થતાં ભાણેજે કહ્યું કે ચાલો ? આપણે ઘેર જઇને ભોજન કરીએ.

મામાએ કહ્યું કે આટલા સાંઠા કપાઇ જશે પછી ઘેર જવાશે તે સાંભળી દેવે તે સર્વ સાંઠાઓ વાઢી નાખ્યા અને તેનો ભારો બાંધ્યો. પછી બન્ને જણા ઘેર આવ્યા. તે સમયે શેઠાણીએ પોતાના યાર માટે ઉત્તમ ભોજન કરી રાખ્યું હતું. તેને જમવા બેસાડે છે. એટલામાં તેઓ બન્ને ઘરમાં દાખલ થયાં. તેઓને આવતાં જોઇ દુષ્ટાએ પોતાના યારને ઢોરની કોઢમાં સંતાડયો તેના પર ઘાસ

નાખ્યું. પછી મામો ભાણેજ બંને જમવા બેઠા ત્યારે ભાણેજે મામાને કહ્યું કે "તમે દેવપુજા કર્યા વિના કેમ ભોજન કરો છો ? મામાએ કહ્યું કે નિર્ધનપણાથી બધું વિસરી ગયો છું. ભાણેજે કહ્યું કે ભુલ્યા ત્યાંથી સવાર એમ સમજી હવે દેવપુજા કર્યા વિના ભોજન કરવું નહિ, એવો નિયમ કરી લ્યો. મામાએ નિયમ લીધો પછી બન્ને જમવા બેઠા.

મામીએ ઉત્તમ ભોજન રહેવા દઇ નિઃરસ ભોજન પીરસ્યું તે જોઇ ભાણેજે કહ્યું કે મામી ? પેલા વાસણમાં લાપશી, વાલ, ભાત, દાળ પીરસોની ? ના છુટકે મામીએ તે પીરસ્યું. જમ્યા પછી ભાણેજે મામાને કહ્યું કે હવે ચાલો બજારમાં જઇએ માણાએ કહ્યું કે "આ સાઠામાંથી અનાજના કણો કાઢવાના છે. તે સાંભળી ભાણેજે મુશળ લઇ. સાંઠાનો ભારો મામીએ જયાં પોતાના યારને સંતાડયો હતો તે ઘાસ પર મુકીને ભારા પર જોરથી મુશળ ઝુડવા લાગ્યો. અનાજના કણીઆ છુટા પડયા પણ અંદર રહેલાં યારના હાડકાં ખોખરા કરી નાખ્યાં. પછી મામીને કહ્યું કે આ અનાજના કણો તમે ભેગા કરી લેજો એમ કહીને મામો ભાણેજ બન્ને બજારમાં ગયા. ત્યારબાદ શેઠાણીએ યારને કાઢી જયાં લોહી નિકળ્યું હતું ત્યાં શંખચુર્ણ દાબીને તેને ઘેર રવાના કર્યો.

આ તરફ ભાણેજરૂપ થયેલ દેવે શેઠને જિનપુજાનું મહાત્મ્ય અને દ્રવ્યનો ભંડાર બતાવી ધર્મમાં દઢ કર્યો.

પછી ભાણેજે મામાને કહ્યું કે કામ પડે આવીશ. એમ કહીને ગયો. વખત જતાં શેઠ સુખી થયા. એક પુત્ર થયો તે પણ ઉમરલાયક થતાં તેનો વિવાહ કરવા માંડયો. તેમાં માંડવાને દિવસે જ્ઞાતિજનોને તથા સગા સંબંધીઓને જમવાનું નોતરૂં આપ્યું શેઠાણીએ પોતાના યારને પણ નોતરૂં આપ્યું હતું તે સ્ત્રીનો વેશ પહેરી સ્ત્રીની પંગતમાં છેલ્લો જમવા બેસી ગયો તે જ વખતે ભાણેજ પણ આવ્યો.

મામા પુરૂષવર્ગની આગતા સ્વાગતા કરવા લાગ્યા ત્યારે ભાણેજ સ્ત્રી વર્ગની આગતા સ્વાગતા કરવા લાગ્યો. સ્ત્રીઓની પંગતમાં પીરસતો તે જયારે યાર પાસે આવે ત્યારે તેને ધીમેથી કહેતો કે સાંઠાઓની નીચે તું હતો કે ત્યારે તેણે ના પાડી કે હું નહિ નહિ. ભાણેજ લોકોને એમ કહેવા લાગ્યો કે" આ સ્ત્રી લાડુ લેવાની ના પાડે છે. એવી રીતે વારંવાર કહીને ભાણેજે તેને કંઈપણ પિરસ્યું નહિ મામીને ખબર પડવાથી ગુપ્ત રીતે યારને બાર લાડુ આપ્યા તે લાડવા તેણે કાખમાં કંચુક નીચે સંતાડયા. ભોજન કર્યા બાદ સર્વ સ્ત્રીઓ જવા લાગી ત્યારે ભાણેજે કહ્યું કે" તમો સર્વે મારા મામાના માંડવાને વધાવતી જાઓ. તે સાંભળી સર્વ સ્ત્રીઓ હાથ ઉંચા કરી વધાવતી ચાલી સ્ત્રી વેષધારી યારે હાથ ઉંચો કર્યા વિના માંડવો વધાવ્યો ત્યારે ભાણેજે તેના હાથ ઉંચા કરાવ્યા લાડવા નીચે પડી ગયા પછી ભાણેજરૂપ દેવ મામીનું સઘળું દુષ્ટવૃતાંત

જાહેર કરી શેઠને પ્રતિબોધ પમાડી પોતાના સ્થાને ગયો. શેઠે દીક્ષા લઈ તપ કરી આત્મશ્રેય સાધ્યું.

# શ્રીધર વણિકની કથા

ગજપુરનગરમાં શ્રીધર નામે વણીક રહેતો હતો. તેણે સાધુઓ પાસેથી જિનપુજાનું ફળ સાંભળી ત્રિકાળ જિનપુજા કરવાનો નિયમ લીધો. એક દિવસ ધુપપુજા કરતાં અભિગ્રહ લીધો કે આ ધુપ પુરો થઇ રહેશે પછી અહિંથી જઇશ. એટલામાં ત્યાં એક સર્પ આવ્યો. શ્રીધર તો નિર્ભય પણે સ્થિર ઉભો રહ્યો. સર્પ જ્યારે તેને ડંખવા આવ્યો ત્યારે શાસન દેવીએ તેને ઉપાડીને દુર ફેંકી દીધો અને લક્ષ્મીની વૃદ્ધિ કરનારૂં એક રત્ન શ્રીધરને આપ્યું. તે રત્નના પ્રભાવથી તે કોટીધ્વજ થયો.

એક વખત તેના સાંભળવામાં આવ્યું કે કામરૂપ યક્ષની પુજા કરવાથી સર્વ વાંછિત ફળે છે તેથી લોભને વશ થઇ તેણે તે યક્ષની પુજા કરી વળી લોકોના કહેવાથી ચંડી, ગણેશ વગેરેની પણ પુજા કરવા લાગ્યો.

એમ કરતાં એક દિવસ ચોરો તેનું સર્વ ધન લુંટી ગયા તેણે ત્રણ ઉપવાસ કરી ગોત્રદેવીની આરાધના કરી. તેણીએ પ્રત્યક્ષ થઇ કહ્યું કે 'તે જેનીતેની પુજા કરી છે તે તને આપશે' એમ ગુસ્સો કરી અંતર્ધાન થઇ તેણે શાસનદેવીનું આરાધન કર્યું શાસનદેવીએ પ્રત્યક્ષ થઈ ફરી તેને ધર્મમાં દૃઢ કર્યો અને ક્રોડ સોન-

મ્હોર આપી. પછી તે શ્રીધરશેઠ ત્રિકાળ જિનપુજા કરતોથકો મૃત્યુ પામી દેવપણે ઉત્પન્ન થયો.

# જિનપુજા ઉપર એક વૃદ્ધ ડોશીની કથા

કાકંદીનગરીમાં જિતારી રાજા રાજ્ય કરતો હતો ત્યાં એક વૃદ્ધ સ્ત્રી લાકડાંનો ભારો વેચી આજીવીકા ચલાવતી હતી એક વખત ત્યાં વીરપ્રભુ સમોસર્યા. જીતારી રાજા પ્રજા સહિત વંદન કરવા આવ્યો, પેલી વૃદ્ધ સ્ત્રી લાકડીનો ભારો લઇ જતી હતી તેણીએ રાજાદિકથી પુજાતા વીરપ્રભુને જોઇ વિચાર્યું કે આજ ખરેખર દેવ છે. મેં પુર્વભવે આવા વીતરાગદેવને પુજ્યા નથી તેથી આવું કષ્ટ સહન કરવું પડે છે તો હવે તેમની પાસે જઇ તેમની પુજા કરૂં જેથી મને ભવાંતરમાં આવું કષ્ટ પડે નહિ એમ વિચારી કેટલાક પુષ્પો લઇ વીરપ્રભુને પુજવા માટે ચાલી, માર્ગમાં પથ્થરની ઠેસ વાગવાથી પડી ગઇ ત્યાં રહલો એક ખીલો તેના મસ્તકમાં વાંગવાથી વીરપ્રભુના ધ્યાનમાં મરીને દેવ પણે ઉત્પન્ન થઇ તે અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણી વીરપ્રભુને વંદન કરવા આવ્યો.

જીતારીરાજાએ તે દેવને અત્યંત ક્રાંતિવાળો જોઈ પ્રભુને પુછયું કે " આ દેવ કોણ છે? પ્રભુએ કહ્યું કે' માર્ગમાં તેં જે ડોશીને મૃત્યુ પામેલી જોઈ તે અમારી પુજાના ધ્યાનથી મરીને દેવ થઇ તેજ આ દેવ વંદન કરવા આવ્યા છે.

—૦—

# શુદ્ધિ પત્રક

| પાના નં. | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯ | ૮ | વાસક્ષેપે | વાસક્ષેપ |
| ૧૦ | ૨ | સકેલી | સંકેલી |
| ૧૦ | ૧૫ | સાક્ષાત | સાક્ષાત્ |
| ૧૦ | ૧૭ | ભંડાર | ભંડારમાં |
| ૧૨ | ૪ | આડગ | આજ્ઞા |
| ૧૪ | ૧૧ | ઘોદા | ગોદા |
| ૧૫ | ૧ | વારંવારા | વારંવાર |
| ૧૫ | ૯ | ગુણુભગવંતને | ગુરુભગવંતને |
| ૧૮ | ૧૪ | મ-ટે | માટે |
| ૨૧ | ૫ | આવવાથી | આપવાથી |
| ૨૧ | ૫ | દેવપ્રયાદિના | દેવદ્રવ્યાદિના |
| ૨૧ | ૧૪ | ઈત્કૃષ્ટ | ઉત્કૃષ્ટ |
| ૨૨ | ૬ | સંમવસરણુ | સમવસરણુ |
| ૨૩ | ૧૨ | થોટ | થોય |
| ૨૬ | ૨૧ | પૂજા | પૂજો |
| ૨૮ | ૧૨ | ડઓ | ડાઓ |
| ૨૮ | ૧૬ | મુકતા સુકિત | મુકતાસુકિત |
| ૨૯ | ૪ | નવકારના | નવકારનો |
| ૩૦ | ૪ | રાખવી, | રાખવી. |
| ૩૨ | ૨૧ | પ્રસુ | પ્રભુ |

સામાયિક એટલે સિદ્ધિનું સેમ્પલ.

સ્વમાત્રનો ત્યાગ કરે તે સંન્યાસી.

જે આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્ત પાળતો હોય તે જૈન !

લતાકુંજોમાં દ્રાક્ષ પાકી ગલ થઈ જાય ત્યારે જ કાગડાની ચાંચ પાકે. અભાગીયા જીવોની ભાગ્યરેખા આવી હોય છે.

ખરાબની સમજ તો સહુ સહુના મનની વાત છે. વાઘ માણસને ખરાબ સમજે, માણસ વાઘને ! ભયને ભયનો મેળાપ-એટલે મહાભય !! એવા મહાભયોનો મેળો એનું નામ સંસાર !!!

આત્મવિલોપન એજ આત્મવિજયની ચાવી છે. વૃક્ષ થવા ઇચ્છનાર બીજને પહેલાં પૃથ્વીમાં દટાવું પડે છે.

સાચી શંકા સાચા સત્યની જનની છે !

રાગ એટલા રોગ, ઇચ્છા એટલા જખ્મ, મમતા એટલા મોત, લ્હેર એટલી લાય, વિલાસ એટલો વિનાશ, લાડ એટલા લોથ, અને મોજ પાછળ કર્મની ફોજ !

# પૂજ્યશ્રી દ્વારા સંપાદિત પુસ્તકો

(૧) વિજ્ઞાન અને જૈન દર્શન ભા. ૧
(૨) વિજ્ઞાન અને જૈન દર્શન ભા. ૨
(૩) વિજ્ઞાન અને જૈન દર્શન દર્શન સારભૂત
(૪) ધર્મનું વિજ્ઞાન
(૫) સંસ્કૃતિનું વિજ્ઞાન
(૫) સાપેક્ષવાદનું વિજ્ઞાન
(૬) જીવનનું અમૃત
(૭) પ્રેમસૂરિદાદા
(૮) આત્મવાદ
(૯) શ્રમણોપાસકનું ઝગમગતું જીવન
(૧૦) વિલય ચિનગારી
(૧૧) પ્રેરણાની પરબ
(૧૨) જીવનમાં મૌનનો ચમત્કાર
(૧૩) મહામંત્રનું રહસ્ય
(૧૪) તપ ના તેજ
(૧૫) ચિંતનનું ચૈતન્ય
(૧૬) વીતરાગવાણીએ સર્વશ્રેષ્ઠ વિજ્ઞાન
(૧૭) બાલ ભોગ્ય નવકાર
(૧૮) ક્રોધનો દાવાનળ અને ઉપશમનીગંગા
(૧૯) દિવાળીમાં બાળકોનું કર્તવ્ય
(૨૦) ક્રોધનો દાવાનળ
(૨૧) જીવન વ્રતો
(૨૨) આચાર સંહિતા (બહેનો માટે ખાસ)
(૨૩) અદૃશ્ય એટમબોંબ
(૨૪) પ્રતિક્રમણ રહસ્ય
(૨૫) સમતા સાગરની સફરે
(૨૬) પાપની આગ બુઝાવીએ ધર્મની જ્યોત પેટાવીએ
(૨૭) જિનપૂજામાં ઉપયોગ
(૨૮) ટચૂકડી વાતો
(૨૯) દિવાળીમાં કરીએ કર્મની દીવાસળી

---

**રત્નકણ :-** એક ડાકુ કરતા, એક ખરાબ પુસ્તક વધુ ભયંકર છે. કારણકે હજારો ડાકુઓને તે વિશ્વમાં પેદા કરે છે.